Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું પાક્ષિક માધ્યમ

સળંગ વર્ષ ૯૩મું

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA** Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

FORTNIGHTLY VOLUME : 1 • ISSUE : 4 • PAGES : 32 • DATE : 20TH SEPTEMBER 2018 • YEARLY SUBS. RS. 50/-

શ્રી અનંતનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪ • ઈમેલ : anantnathderasar@gmail.com

વતી સમગ્ર જ્ઞાતિજનોને

# મિચ્છામિ દુક્કડમ્

# MICHHAMI DUKKADAM



## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

કલ્પેશ માણેકજી મોતા (રાપર ગઢવારી) - પ્રમુખ
હીરાલાલ હંસરાજ ડાઘા (વરાડીયા) - ઉપપ્રમુખ
લેરીન વર્ધમાન ખોના (સુજાપર) - ઉપપ્રમુખ
રમેશ હીરજી લોડાયા (મંજલ) - માનદ્‌મંત્રી
ચેતનકુમાર ખીમજી મોમાયા (જખૌ) - માનદ્‌મંત્રી
અતુલ ડુંગરશી ધરમશી (સુથરી) - ખજાનચી

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા સંચાલિત શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

હીરાલાલ હંસરાજ ડાઘા (વરાડીયા) - મેનેજીંગ ટ્રસ્ટી
જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટી ખાવડી) - માનદ્‌મંત્રી
અમીથ શાંતિલાલ મોમાયા (વરાડીયા) - ખજાનચી

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ

લેરીન વર્ધમાન ખોના (સુજાપર) - મેનેજીંગ ટ્રસ્ટી
અજીત માલશી લોડાયા (તેરા) - માનદ્‌મંત્રી
હિતેશ ભોજરાજ નાગડા (રાપર ગઢવારી) - ખજાનચી

## સર્વે કારોબારી સભ્યો તથા કર્મચારી

# HEARTIEST CONGRAGULATIONS !!!



**EKTA HARSHA UDAYAN SHAH (LODAYA)**



## EKTA HARSHA UDAYAN SHAH (LODAYA)

GAAM : MOTI SINDHODI, HAAL: MULUND (MUMBAI)

**FOR HAVING COMPLETED HER MASTERS IN**
**CLINICAL PSYCHOLOGY (M.A.)**
**FROM SWAMI VIVEKANDA COLLEGE,**
**MUMBAI UNIVERSITY.**

**SHE IS PRESENT SECRETARY OF SHREE KDO STUDENTS ASSOCIATION ( VIDYARTHI SANGH)**

**WISHING HER ALL THE BEST FOR HER NEW INNINGS AND BRIGHT FUTURE !**

**BEST WISHES FROM**

DADI-DADA : **RAMA LALJI NARPAR SHAH (LODAYA)**
(MOTI SINDHODI, MULUND)

NANI-NANI : **GUNWANTI JAYCHAND MANEKJI LODAYA**
(KOTHARA, MULUND)

KAKI-KAKA : **MEERA HEMANG LALJI SHAH (LODAYA),**
**APURVA LALJI NARPAR SHAH (LODAYA)**
( MOTI SINDHODI, MULUND)

MAMI-MAMA : **REENA LAJESH JAYCHAND LODAYA**
(KOTHARA, MULUND)

# CONGRATULATIONS



## કુ. નમ્રતા વિજયકુમાર લાપસિયા

ગામ : દલતુંગી    હાલ : નાંદેડ (મહારાષ્ટ્ર)

**શિક્ષણ ક્ષેત્રે કુ. નમ્રતાએ INTERIOR DESIGNER**
**INIFD, PUNE થી 90% (2ND RANK IN CLASS)**
**ની ડીગ્રી મેળવવા બદલ હાર્દિક અભિનંદન...**

'મંજીલ તારી કઠીન હતી,
સાધના તારી સંગીન હતી,
સહકાર હતો પરિવારનો,
સહયોગ સાધ્યો સાધનાથી...'

હાર્દિક શુભેચ્છા અર્પતા....
શ્રીમતી લાખબાઈ લીલાધરભાઈ લાપસિયા પરિવાર (દાદાણા)
શ્રીમતી ધનલક્ષ્મી દેવચંદભાઈ ધરમશી પરિવાર (નાનાણા)

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**પાક્ષિક અંક નં. ૪**
**Date : 20-09-2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સમીપે**

# જ્ઞાતિ સંમેલનાર્થે સમુચિત ઉત્સાહ-ઉમંગની પ્રગાઢતા જાળવી રાખવી પડશે

આગામી ડિસેમ્બરમાં યોજનારા ચતુર્થ જ્ઞાતિ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે, જ્ઞાતિ વસતીના લગભગ સર્વ મુખ્ય શહેરો અને વિસ્તારોમાં, સેક્રેટરી જનરલ, મેનેજીંગ ટ્રસ્ટીઓ અને યજમાન નલીયા મહાજનના પ્રમુખ તરિકેની ક્ષમતા અન્વયે સંમેલનના પણ નિયુક્ત થયેલા પ્રમુખશ્રી દ્વારા, છેલ્લા પાંચેક મહીનામાં અનેક સંપર્ક સભાઓ યોજાઈ ચૂકી છે.

આ સભાઓમાં અને બેઠકોમાં સ્થાનિક મહાજન કે સંઘના પદાધિકારીઓએ અને ત્યાંના જ્ઞાતિજનોએ પણ, સમસ્ત મહાજનના આ અધિકારી વર્ગને, અમુક અપવાદો સિવાય, ઉત્સાહજનક પ્રતિસાદ આપ્યો છે.

તેવી જ રીતે સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલે સંમેલનને સાર્થકતા બક્ષવાના પ્રયોજનાર્થે પર્યાપ્ત વિચાર વિનિમય થાય તે માટે આ જુલાઈમાં સક્રિય યુવા અને મહિલા કાર્યકરો અને અનુભવી વરિષ્ઠ જ્ઞાતિજનોનો સમાવેશ કરતી જે દરેક સમિતિઓ નીમી છે, તેની દોઢ-બે મહીનાના અંતરે વિવિધ બેઠકો પણ યોજાઈ છે. તે સંમેલનના પાયારૂપ માળખાની સંરચના કરવાની દિશામાં સુયોગ્ય પગલું લેવાયું છે તેમ નિર્વિવાદ કહી શકાય.

પરંતુ, આ સમિતિઓના ગઠનના પ્રારંભિક તબક્કા વખતે જ તેમના અલગ અલગ કન્વીનર કે મુખ્ય સંચાલક-પ્રમુખ તરિકે કોઈ નિમણુંક ન કરવાનો સેક્રેટરી જનરલે નિર્ણય લીધો હતો તેની પાછળના મુખ્ય ઉમદા આશયને આ સમિતિઓમાં નિયુક્ત સભ્યો-યુવાઓ-મહિલાઓ-વરિષ્ઠ અગ્રણીઓ યોગ્યતઃ સમજી શક્યા નથી તેમ હવે દેખાઈ રહ્યું છે, તે સંમેલન માટે રચાઈ રહેલા માળખા માટે ચિંતાજનક પ્રકારનું પરિમાણ ઉપસી રહ્યું છે એમ કહેવું પડે છે.

ઉપરોક્ત દરેક સમિતિઓના કોઈ કન્વીનર ન હોવાથી તેના મોટા ભાગના સભ્યો કોઈ વૈચારિક શરૂઆત કે પ્રથમ પગલું લેવા માટે અન્ય સહસભ્યોનો સંપર્ક કરીને, સંબંધિત સમિતિની બેઠક-સભા મળે કે ન મળે, કે જ્યારે પણ મળવાની હોય તેની પ્રતીક્ષા-અપેક્ષા રાખ્યા વિના અને હજી સંમેલન મળવાને ત્રણેક મહિના છે તે દરમ્યાન તો ખાસ, પોતે જ પહેલ કરીને પોતાના સંકલ્પના- પ્રસ્તાવ પર અન્યોન્ય સાથે વિચાર વિમર્શ કરવા સક્રિય થતા નથી તે પ્રકારની તેમની નિષ્કાળજી જે બીજા અર્થમાં તો નિષ્ઠાકમી જ લેખી શકાય, તે ઉદાસીનતા અખરે તેવી છે.

આમાં પણ, આમાંની કેટલીક સમિતિઓના કેટલાક સભ્યોએ એકાદ-બે સભાઓ પછી તેમાં સામેલ રહેવાનો રસ ઓછો કર્યો છે તેમજ ખાસ કરીને નારી સશક્તિકરણ સમિતિના ગઠનમાં વિશેષ સંખ્યામાં જ્ઞાતિ બહેનો જોડાય તે માટેના અભિયાનમાં, જ્ઞાતિમાં અન્ય રીતે સક્રિય અનેક મહિલાઓ જેઓ જ્ઞાતિ માટે ઘણું લાભપ્રદ યોગદાન આપી શકે તેવી ક્ષમતા ધરાવે છે તેમણે પણ સમુચિત પ્રતિસાદ આપ્યો નથી કે અનિચ્છા દર્શાવી છે તે સ્થિતિ પણ એટલી જ ચિંતાજનક છે.

આ સિવાય, સંમેલન માટે નીમાયેલા પ્રતિનિધિઓ અને ઉપરોક્ત સમિતિઓના સભ્યો અને આમંત્રિત સિવાયના જ્ઞાતિજનો, વિવિધ વિચાર-વિમર્શની બેઠકો-સભાઓમાં માત્ર પ્રેક્ષક તરિકે હાજર રહી શકશે તેવી મર્યાદા રખાઈ હોવાથી અત્યારે તો અનેક વિચારશીલ જ્ઞાતિજનો અને ભૂતપૂર્વ અગ્રણીઓ, સંમેલનમાં હાજર રહેવા અંગે મુંઝવણ અનુભવી રહ્યા છે.

આમ, સંમેલનને અર્થપૂર્ણ ઓપ આપવા માટે સર્જાયેલા સકારાત્મક માહોલમાં મંદોત્સાહના તરંગોએ પ્રવેશવાનું શરૂ કર્યું છે તેમને લેશ માત્ર વિલંબ વિના પ્રબળપણે હડસેલી કાઢવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

અલબત, આવી તરલ પરિસ્થિતિ માટે, સમસ્ત મહાજનના મુખ્ય ટ્રસ્ટીઓ સિવાયના મોટા ભાગના અન્ય ટ્રસ્ટીઓ પણ સાતત્યપૂર્વકનું સક્રિય યોગદાન આપવામાં મોળાં પડ્યા છે અને વધુ મોળાં પડી રહ્યા છે તે અભિગમ તો તેમની સંનિષ્ઠા પર ગંભીર પ્રશ્નાર્થ ઉભો કરે છે.

આશા રાખીએ કે, જ્ઞાતિમાં છેલ્લા અનેક દશકાઓ દરમ્યાન અવારનવાર બન્યું છે અને તાજેતરના ભૂતકાળમાં, છેલ્લા સાતેક વર્ષોમાં સતતપણે બન્યું છે તેમ, જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા પ્રસ્તુત થતા મહત્વાકાંક્ષી કે મોટા કદની પ્રવૃતિઓ-કાર્યક્રમોના આયોજન પૂર્વેના છ-બાર મહીના ચાલતી સક્રિયતાના દોરમાં કોઈ એક કે બે-ચાર મુખ્ય પદાધિકારીઓ પર જ સઘળું ઉત્તરદાયિત્વ સોંપી દેવાય છે અથવા તો તેમની પાસેથી જેટલી સૂચના મળે તેટલું જ કરવા પૂરતા તેમના સહકાર્યકરો ઉમળકો દાખવતા હોય છે કે જવાબદારી લેતા હોય છે તેવી કાર્યપધ્ધતિ કે પરંપરાનું પુનરાવર્તન ન થાય અને ન કેવળ સંમેલન પહેલાના આ ત્રણેક મહિનામાં, પરંતુ ખાસ કરીને તે પછી પણ, સંમેલન દરમ્યાન એકત્રિત થયેલ વિવિધ ગામ, શહેર અને મહાનગરોના જ્ઞાતિજનોમાં ઉજાગર થનાર ઉર્ધ્વતમ્ ઐક્યજ્યોતને અહર્નિશ ઉજ્જવળ રાખવાનો સમસ્ત મહાજનના સૌ ટ્રસ્ટીઓ, મહાસમિતિના સભ્યો અને નિયુક્ત થનાર સમિતિ સભ્યો સંનિષ્ઠ સંકલ્પ કરશે.

**- રા.**

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



# ઓસવાલોનો ઈતિહાસ (૧)

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્‌ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દૃષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

કોઈ પણ જ્ઞાતિ કે સમાજનો ઈતિહાસ એ તેના વિકાસની એક સુસંગઠિત અને કડીબધ્ધ કહાણી છે. માનવીના કાર્યો, મથામણો, સિધ્ધિઓ અને નિષ્ફળતાઓની એ ગાથા છે. એમાં નવી ચેતના જગાવે, વિચાર કરવા પ્રેરે અને સંશોધન કરવા આકર્ષે એવું ઘણું બધું છે.

દરેક વ્યક્તિને પોતાના કુટુંબ, કુળ, જ્ઞાતિ અને સમાજનો ઈતિહાસ જાણવાની ઉત્કંઠા હોય છે. જ્ઞાતિ ઈતિહાસ એટલે આપણાં પૂર્વજોના ભૂતકાલીન સદ્‌ચરિત્ર, એમની વીરતા, ધીરતા, ઉદારતા, જ્ઞાતિ-સમાજ અને રાષ્ટ્રસેવામાં યોગદાન, એ સમયની સામાજિક, આર્થિક અને રાજનૈતિક પરિસ્થિતિ, વ્યવસાય-હુન્નર અને રિતરિવાજોને જાણવા. ઈતિહાસ માનવીને ભુતકાળનું દર્શન કરાવી ભવિષ્ય તરફ રાહ બતાવનાર સાધન છે. એક અંગ્રેજી વિદ્વાને કહ્યું છે કે ''જો આપ કોઈ જાતિ અને સમાજને નષ્ટ કરવા ચાહો છો તો પહેલા તેનો ઈતિહાસ નષ્ટ કરી નાખો. જેનાં નષ્ટ થવાથી તે જાતિ સમાજ પોતાની જાતે જ નષ્ટ થઈ જશે.''

માનવી પોતાના કુળ અને મૂળ વિષે પ્રમાણભૂત માહિતી મેળવવા ઉત્સુક હોય તે સ્વભાવિક છે. થોડા વરસો પહેલા એક અંગ્રેજી ફિલ્મ ''ધી રૂટસ'' (The Roots) આવેલી, જે ખૂબ જ લોકપ્રિય બની. એ ફિલ્મનાં નાયકને પોતાની જાતિ અને પોતાના વંશની માહિતી મેળવવાની ઉત્કંઠા જાગી. અનેક સ્થળોએ ફરી, અનેક વરસોની મહેનત બાદ પોતાના કુળ અને મૂળ શોધી કાઢવામાં સફળતા મળી. આ ફિલ્મ જોઈ અનેક લોકોને પોતાના કુળની માહિતી મેળવવાની તાલાવેલી લાગી અને ઘણાં લોકો વહીવંચાઓનો (Record Keeper) સંપર્ક કરી પોતાના કુટુંબની વંશાવલીઓ, વંશના આંબા (વંશવૃક્ષ-Family Tree) મેળવવાનાં પ્રયત્નો કર્યા. જો કે ૪૦૦-૫૦૦ વરસનો ઈતિહાસ જાળવનારી આ કોમમાંથી ઘણા લોકોએ વંશાવલી નોંધવાનો વ્યવસાય પ્રોત્સાહનનાં અભાવે છોડી દીધો છે અને ૧૦૦-૨૦૦ વરસ પહેલાની તેમની વહીઓ વાંચનારા પણ જુજ રહ્યા છે. આપણી જ્ઞાતિના થોડા શ્રેષ્ઠીઓના જીવનની વિગતો પ્રસિધ્ધ થઈ છે બાકી મોટા ભાગના સમાજનાં પૂર્વજોની કોઈ વિગત મળતી નથી. જો પ્રયાસ કરવામાં આવે તો વહીવંચાઓ પાસેથી સારી એવી વિગતો મળી શકે છે. જ્ઞાતિ લેવલે આ સાહિત્ય નષ્ટ થઈ જાય તે પહેલા મેળવી લેવું ઈચ્છનીય છે. આપણો સમાજ કેવી રીતે ધીમી પણ ચોક્કસ ગતિએ વિકસ્યો, કેવાં સંઘર્ષો વચ્ચે આપણાં વડીલો ઝઝુમ્યાં? તેમની સિધ્ધિઓ, સ્થળાંતરો, સતી-શૂરા, પોતાના કુટુંબ આદિની માહિતી મળી શકે છે.

## Whatsapp પ્રકાશ સમીક્ષાને પ્રચંડ આવકાર

ગત ૨૧ ઑગસ્ટના શરૂ કરાયેલ પ્રકાશ સમીક્ષાની Whatsapp આવૃત્તિને અપ્રતિમ આવકાર મળી રહ્યો છે, સંકલનકાર અને Admin શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નઇ દ્વારા એકલે હાથે ખૂબ જહેમત ને પરિશ્રમ પૂર્વક, આકર્ષક રીતે સંપાદન કરાઇને લગભગ દૈનિક ધોરણે જ્ઞાતિના મહત્વના સમાચારો-માહિતી અંગ્રેજીમાં અપાઇ રહ્યાં છે. તેમાં ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સમાચારો ઇત્યાદિ ઉમેરી શકાય તે માટે અમે પ્રયત્નશીલ છીએ. આ Whatsapp ગ્રુપમાં જેમણે પણ જોડાવવું હોય તેમણે **પોતાના નામ, પરિચય 'પ્રકાશ સમીક્ષા' સમિતિના ટ્રસ્ટી/સભ્ય શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયાને 99406 36646 WhatsApp પર મોકલવા વિનંતિ છે.**

કોઇમ્બતુર મહાજનના પ્રમુખશ્રી પ્રદીપ લોડાયાએ ત્યાંના કુટુંબોમાંથી લગ્નોત્સુક યુવક-યુવતીઓની તસવીર સહિતની સમુચિત માહિતી મોકલવાનો અનુરોધ કર્યો છે. પુના મહાજને પોતાના સભાસદોને વોટ્સએપ આવૃત્તિ ફોરવર્ડ કરાવાનું શરૂ કર્યું છે. કોચીન અને ગદગ મહાજનોના પદાધિકારીઓ પણ વોટ્સઍપ આવૃત્તિ માટે માહિતીઓનું સંકલન કરવામાં સહયોગ આપવા પણ તૈયારી દર્શાવી છે.

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**

મેં છેલ્લા ૨૦ વરસમાં આવી માહિતી મેળવવાનો શક્યત પ્રયાસ કરેલ છે. વહીવંચાઓ આવી માહિતી પોતાની આજિવિકાનું સાધન હોઈ સહજતાથી આપતાં અચકાય તે સ્વભાવિક છે. છતાં સતત પ્રયત્નો અને તેમને રાજી રાખી જે થોડું ઘણું મેળવ્યું છે તે અવાર નવાર જ્ઞાતિ સમક્ષ પીરસતો રહ્યો છું. આજની પેઢીને પોતાનાં અમુલ્ય વારસાને જાણવાની જીજ્ઞાસા જાગે એ આશયથી ઓસવાલોનો ઈતિહાસ અને તે સાથે KDO નો ઈતિહાસ જ્ઞાતિ સમક્ષ મુકવાનો એક પ્રયાસ કરું છું.

ઓસવાલોનો ઈતિહાસ જૈન ધર્મ સાથે સંકળાયેલો છે અને તેઓ મુલતઃ ક્ષત્રિયો (રાજપૂત) છે તેથી ઓસવાલોનો ઈતિહાસ, ગોત્રો વિગેરેની માહિતી મેળવીએ તે પહેલાં થોડું જૈન ધર્મ અને રાજપૂત વંશ અંગે થોડું જાણીએ.

વિશ્વનો પ્રાચીન ધર્મ એ જૈન ધર્મ છે. તેનાં પ્રથમ પ્રવર્તક થયા તિર્થંકર ઋષભદેવ. અરિહંત દ્વારા પ્રવર્તન થવાથી આ ધર્મને 'આર્હત ધર્મ' નામ મળ્યું. અન્ય નામ શ્રવણ અને નિગણ્ઠ. આ નિગણ્ઠ શબ્દ નિર્ગ્રંથનું પ્રાકૃત પાલી ભાષાનું રૂપાંતર છે. વેદોમાં આ ધર્મનો 'વ્રાત્ય ધર્મ' 'પરમહંસ ધર્મ' અને 'યતિ ધર્મ' નામે ઉલ્લેખ છે. ત્યાર બાદ 'જિન' શબ્દ એટલે જાતને જીતવી તે પરથી ધર્મનું નામ થયું જૈન ધર્મ.

જૈન ધર્મ વૈદિક કાળની પહેલાનો ધર્મ છે. જૈન શ્રમણ સંસ્કૃતિ એ સિંધુ સંસ્કૃતિ, મિસર સંસ્કૃતિ કે બેબિલોન સંસ્કૃતિ તથા રોમ સંસ્કૃતિથી પણ પ્રાચીન છે. મનુ સ્મૃતિ અનુસાર ઋષભદેવનો જન્મ મનુની પાંચમી પેઢીએ થયો અને તે વખતનો કાળ પ્રથમ સતયુગનો અંતિમ ચરણનો હતો. આજ સુધી ૨૪ સતયુગ વીતી ચુક્યા છે. વૈદિક ધર્મમાં સતયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કલીયુગ એ ચાર યુગની પરંપરા છે જ્યારે જૈન ધર્મમાં કાળના બે ભાગ છે. (૧) ઉત્ત્સર્પિણી કાળ (ચઢતો કાળ) અને (૨) અવસર્પિણી કાળ (ઉતરતો કાળ). વળી આ બન્ને કાળના પણ ત્રણ ત્રણ ભાગ છે. ભાગવત, બ્રહ્માપુરાણ, મહાભારત, શિવપુરાણ, ઋગ્વેદ, યજુર્વેદ વિગેરેમાં જૈન ધર્મનો ઉલ્લેખ છે. વેદોની રચના ઈ. સન પૂર્વે ૧૦૦૦ થી ૧૫૦૦ વરસ પહેલા થઈ છે. તેથી વેદો ૩૦૦૦ થી ૩૫૦૦ વરસ જેટલા પુરાણા છે. સિંધુ સંસ્કૃતિના અવશેષો ઈ. સન પૂર્વે ૩૦૦૦ વરસના છે એટલે ૫૦૦૦ વરસ પહેલાની સંસ્કૃતિ છે. આ સિંધુ સંસ્કૃતિનાં અવશેષોમાં મળેલા સિક્કાઓમાં જૈન મુનિ ધ્યાનસ્થ છે તથા પાષાણની મૂતિઓ જૈન ધર્મની છે. નીચે બળદનુ નિશાન છે. ઓરીસ્સાની ખંડગિરી અને ઉદયગિરીની હાથીની ગુફાઓમાં જે ૨૧૦૦ વરસ પ્રાચીન છે જેનાં લેખોમાં ઉલ્લેખ છે કે મગધનો રાજા નંદ. ઈ. સન પૂર્વે ૪૨૩માં કલીંગ પર જીત મેળવી ઋષભદેવની મૂર્તિ ઉઠાવી ગયો હતો તે પ્રતિમા ખારવેલે મગધ પર ચઢાઈ કરી પાછી મેળવી હતી. સ્કંધપુરાણમાં શ્લોક છે,

'કૈલાશે પર્વતે રમ્ય, વૃષભોજયં જિનેશ્વરઃ ।

''ચક્કર સ્વાવતારં યઃ સર્વજ્ઞઃ સર્વગઃ શિવઃ ।।

જેમાં શિવ અને ઋષભ બન્ને એક છે તે દર્શાવ્યું છે. ઋગ્વેદમાં ''ૐ ત્રૈલોક્ય પ્રતિષ્ઠાનાં, ચતુર્વિંશતિ તીર્થકરાણાં'' તથા યજુર્વેદમાં ''ૐ નમોર્હન્તો ઋષભો'' તથા ''ૐ રક્ષ રક્ષ અરિષ્ઠ નેમિ સ્વાહાઃ'' આદિ ઉલ્લેખો વેદ કરતાં જૈન ધર્મની પ્રાચિનતા સિધ્ધ કરે છે.

ઈક્ષ્વાકુવંશમાં ભગવાન ઋષભદેવ થયા. શરૂઆતના કાળમાં લોકોની ઓળખ ઋષિ પરંપરાયે હતી. આઠ ઋષિઓનાં આઠ ગોત્ર હતા. ૧) વિશ્વામિત્ર, ૨) જમદગ્નિ, ૩) ભારદ્વાજ, ૪) ગૌતમ, ૫) અત્રિય, ૬) વશિષ્ઠ, ૭) કશ્યપ એ સપ્તર્ષિ અને ૮) અગસ્ત્ય. વિદ્યાની પરંપરાએ જે ઋષિના શિષ્ય (અનુયાયી) તેમનું ગોત્ર. આગળ જતાં આ આઠ ઋષિના અપત્યોને પણ ગોત્ર તરીકે કે વંશ તરીકે ઓળખાયા. અપત્યનો અર્થ પુત્ર અથવા વંશજ એવો થઈ શકે. આ આઠ ઋષિઓના ૪૯ ભેદ થયા (પેટા ગોત્રો). ઋષભદેવનાં પુત્ર ભરતનાં પુત્ર સુર્યયશથી સુર્યવંશ અને બાહુબલીનાં પુત્ર સોમયશાથી ચંદ્રવંશ શરૂ થયો. જે બન્ને ક્ષત્રિય વંશ છે.

ઋષભદેવ રાજા થયા, નગરની રચના કરી, નાના કુટુંબને બદલે આખા રાજ્યની સંભાળવાની જવાબદારી આવી. તેના વહીવટ માટે જુદા જુદા અધિકારી નિમ્યા. સોળલિપિમાં લેખન શરૂ કર્યું. ભોજપત્ર પર લખાણ કર્યું.

સુવહીવટ માટે ભગવાને સમાજને ત્રણ વિભાગમાં ગુણના આધારે વહેચ્યોં. ૧) ક્ષત્રિય : રક્ષણકાર્ય, ૨) વૈશ્ય : કૃષિ અને વ્યાપાર, ૩) શુદ્ર : હુન્નર ઉદ્યોગ અને સેવા. સ્વેચ્છાએ સ્વીકારેલા આ વિભાગમાં કોઈ જાતના બંધન ન હતા. દરેક વ્યક્તિ પોતાને અનુકુળ વિભાગમાં સામેલ થતો. ભગવાને પુરુષોને લગતી બોંતેર કળા અને સ્ત્રીઓને લગતી ચોસઠ કળાઓ શીખવી. ભગવાનના પુત્ર ભરતે વ્રતધારી શ્રાવકો જે ઉપરોક્ત કોઈપણ વિભાગના હતા એમને સામાન્ય જનથી અલગ ઓળખ થઈ શકે તે માટે જનોઈ પહેરવાનું સુચવ્યું અને જેનું કાર્ય વિદ્યા શિખડાવવાનું અને કર્મકાંડનું રહ્યું. આવા એક ક્ષત્રિય વિભાગ સાથે ઓસવાલોનો ઈતિહાસ સંકળાયેલો છે જે આપણે આવતા અંકે જોઈશું.

**(ક્રમશઃ)**

## તપસ્વીઓની નામાવલી વર્ષ ૨૦૧૮
### (સંપૂર્ણ નામાવલી - અંતિમ તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી મળેલ માહિતી મુજબ)

(સૌજન્યઃ KDOVP MOBILE APPLICATION / કેડીઓવીપી મોબાઈલ એપ્લિકેશન)

| SN | Category | Name | Native, Current Place |
|---|---|---|---|
| 1 | ૫૧ ઉપવાસ | ખુશાલ લખમશી પોલડિઆ | ડુમરા, બોરીવલી |
| 2 | ૪૫ ઉપવાસ | ભુવન ચંદ્રેશ લોડાયા | સુથરી, ઘાટકોપર |
| 3 | ૪૫ ઉપવાસ | માનસી ગિરીશ મોમાયા | ડુમરા, મુલુંડ |
| 4 | ૩૧ ઉપવાસ (મૃત્યુંજય તપ સાથે) | કિંજલ લહેરચંદ મોતા | વારાપધર, સાંગલી |
| 5 | ૩૦ ઉપવાસ | હિરલ હર્ષ ધુલ્લા | સુથરી, ડોંબિવલી |
| 6 | ૩૦ ઉપવાસ | રુચી વીરચંદ લોડાયા | મંજલ, ડોંબિવલી |
| 7 | ૩૦ ઉપવાસ | મોનેશ ચન્દ્રકાન્ત લોડાયા | મોટી ખાવડી, મુલુંડ |
| 8 | ૩૦ ઉપવાસ | રાજેશ પ્રવીનચંદ્ર મૈશેરી | સિંઘોડી મોટી, ડોંબિવલી |
| 9 | ૩૦ ઉપવાસ | પુષ્પા મુરજી છેડા | સુથરી, બાડા (કચ્છ) |
| 10 | ૩૦ ઉપવાસ | મહેંદ્ર મુલજી ગોસર | બાયઠ, થાણા |
| 11 | ૧૮ ઉપવાસ (૬૪ પ્રહરી પૌષધ સાથે) | યોગેન્દ્ર ભવાનજી ગોસર | બારોઇ, જલગાંવ |
| 12 | ૧૬ ઉપવાસ | જૈનમ લીનેશ લાલકા | લાલા, વડોદરા |
| 13 | ૧૬ ઉપવાસ | હાર્દિક ભરત લોડાયા | નાની ખાવડી, ચાલીસગામ |
| 14 | ૧૬ ઉપવાસ | ભાવના કલ્પેશ સોની | સુથરી, મુલુંડ |
| 15 | ૧૬ ઉપવાસ | ગુંજન રાહુલ ધરમશી | સુથરી, સુરત |
| 16 | ૧૬ ઉપવાસ | પૂજા રમેશ મોતા | લાખણીયા, ઇસાનપુર (અમદાવાદ) |
| 17 | ૧૬ ઉપવાસ | વંદના સમીર લાલકા | વારાપધર, અમદાવાદ |
| 18 | ૧૬ ઉપવાસ | હરીશ પદમશી મોતા | કુઆપધર, હૈદરાબાદ |
| 19 | ૧૬ ઉપવાસ | યોગિતા મનીષ લોડાયા | બારોઇ, નાશિક |
| 20 | ૧૫ ઉપવાસ | પલ્લવી ચેતન ખોના | નલિયા, ગોરેગાંવ |
| 21 | ૧૨ ઉપવાસ | શોભના અશોક નાગડા | રંગપુર, નવી મુંબઇ |
| 22 | ૧૨ ઉપવાસ | દેવેશ કિર્તીકુમાર કુરુવા | બાયઠ, મુલુંડ |
| 23 | ૧૧ ઉપવાસ | ચિરાગ નિતીન ધરમશી | સુથરી, મુલુંડ |
| 24 | ૧૧ ઉપવાસ | મીના રાકેશ નાગડા | તેરા, હૈદરાબાદ |
| 25 | ૧૧ ઉપવાસ | હીના હેમેન્દ્ર ગાલા (ગાલાની) | મંજલ, ડોંબિવલી |
| 26 | ૧૧ ઉપવાસ | ફાલ્ગુની પ્રકાશ મૈશેરી | જખૌ, મુલુંડ |
| 27 | ૧૧ ઉપવાસ | હર્ષા ધનેશ ધરમશી | સાંધાણ, વિરાર |
| 28 | ૧૧ ઉપવાસ | હેમંત અશોક ધરમશી | સુથરી, ક્લીકટ |
| 29 | ૧૧ ઉપવાસ | અશોક માણેકજી કુરુવા | ગોધરા, સાંગલી |
| 30 | ૧૦ ઉપવાસ | ભાવિન મહેન્દ્ર મોમાયા | સાંયરા, ડોંબિવલી |
| 31 | ૧૦ ઉપવાસ | કિન્નરી ચંદ્રેશ લોડાયા | બાંઢિયા, અમદાવાદ |
| 32 | ૧૦ ઉપવાસ | સલોની ભરત નાગડા | રંગપુર, ગોરેગાંવ |
| 33 | ૧૦ ઉપવાસ | પ્રિયંકા ભરત નાગડા | રંગપુર, ગોરેગાંવ |
| 34 | ૧૦ ઉપવાસ | ભાવેશ દામજી લોડાયા | બાંઢિયા, ભાંડુપ |
| 35 | ૯ ઉપવાસ | અંકિતા મિલન મૈશેરી | નાની સિંધોડી, રાયપુર |
| 36 | ૯ ઉપવાસ | દેવેષ હીરાચંદ નાગડા (શાહ) | તેરા, દિવા |

| | | | |
|---|---|---|---|
| 37 | ૯ ઉપવાસ | નિલેશ રાયચંદ ધરમશી | કોઠારા, બાંદ્રા |
| 38 | ૯ ઉપવાસ | ડીમ્પલ હેમંત લોડાયા | સાંયરા, ભાંડુપ |
| 39 | ૯ ઉપવાસ | ચંદન રમેશ લોડાયા | તેરા, અંકલેશ્વર |
| 40 | ૯ ઉપવાસ | કલ્પનાબેન લક્ષ્મીચંદ હેફા | સુથરી, ભુજોડી (કચ્છ) |
| 41 | ૯ ઉપવાસ | કાજલ પંકજ લોડાયા | મોટી સિંધોડી, મુલુંડ |
| 42 | ૯ ઉપવાસ | હીતેશ વેરશી લોડાયા | દલતુંગી, મુલુંડ |
| 43 | ૯ ઉપવાસ | ક્રિષા હીતેશ લોડાયા | દલતુંગી, મુલુંડ |
| 44 | ૮ ઉપવાસ (૬૪ પ્રહરી પૌષધ સાથે) | નીના નલીન દંડ | વરાડીયા, ડોંબિવલી |
| 45 | ૮ ઉપવાસ (૬૪ પ્રહરી પૌષધ સાથે) | પ્રફુલ્લ ખીમજી મોમાયા | સાંયરા, માલેગામ |
| 46 | ૮ ઉપવાસ (૬૪ પ્રહરી પૌષધ સાથે) | ચેતના પ્રફુલ્લ મોમાયા | સાંયરા, માલેગામ |
| 47 | ૮ ઉપવાસ (મૌન) | દમયંતી યોગેન્દ્ર ગોસર | બારોઇ, જલગાંવ |
| 48 | ૮ ઉપવાસ (મૌન) | અલ્પા ભાવેશ મોમાયા | બારોઇ, જલગાંવ |
| 49 | ૮ ઉપવાસ (મૌન) | ઉત્તમ વિસનજી લોડાયા | રાપર, માટુંગા |
| 50 | ૮ ઉપવાસ (મૌન) | નમ્રતા અજય ખોના | રંગપુર, મલાડ |
| 51 | ૮ ઉપવાસ (મૌન) | ધનલક્ષ્મી ધનપાલ લોડાયા | સાંયરા, કોલકાત્તા |
| 52 | ૮ ઉપવાસ (વર્ષીતપ માં સાથે) | ચેતના જવેરચંદ પોલડિઆ | ડુમરા, વસઈ |
| 53 | ૮ ઉપવાસ (અક્ષય નિધિ તપ સાથે) | નિરલ સંકેત લોડાયા | વારાપધર , પાંચોરા |
| 54 | ૮ ઉપવાસ (અક્ષય નિધિ તપ સાથે) | જાગૃતી ખિરેશ મોતા | તેરા, મસ્જિદબંદર |
| 55 | ૮ ઉપવાસ (અક્ષય નિધિ તપ સાથે) | મયુરી પરેશ છેડા | નલિયા, વાપી |
| 56 | ૮ ઉપવાસ (નવકાર તપ , ગણધર તપ સાથે) | મીરા રાજેન્દ્ર મોમાયા | વરાડીયા, પુના |
| 57 | ૮ ઉપવાસ (શત્રુંજય તપ સાથે) | નીતા હિરેન લાલકા | બાંઢિયા, અંકલેશ્વર |
| 58 | ૮ ઉપવાસ (સંયમ ભાવ વૃધ્ધિ તપ સાથે) | હેમલતા અશોક દંડ | વરાડીયા, મુલુંડ |
| 59 | ૮ ઉપવાસ (સંયમ ભાવ વૃધ્ધિ તપ સાથે) | ભારતી ગૌતમ દંડ | વરાડીયા, મુલુંડ |
| 60 | ૮ ઉપવાસ (સંયમભાવ વૃધ્ધિ તપ સાથે) | વૈશાલી વિપુલ લોડાયા | વારાપધર, ડોંબિવલી |
| 61 | ૮ ઉપવાસ | આદેશ રાજેન ખોના | સુથરી, મુલુંડ |
| 62 | ૮ ઉપવાસ | છાયા મુકેશ ધુલ્લા (દૌલત) | દલતુંગી, ડોંબિવલી |
| 63 | ૮ ઉપવાસ | અલ્પા લલિત મોમાયા | વરાડીયા, મુલુંડ |
| 64 | ૮ ઉપવાસ | પાયલ હેમંત વિકમશી | સુથરી, ડોંબિવલી |
| 65 | ૮ ઉપવાસ | ક્રીશ રાજેશ લોડાયા | રાપર, ઘાટકોપર |
| 66 | ૮ ઉપવાસ | જીનલ જિનેન મૈશેરી | સાંધાણ, મસ્જિદ બંદર |
| 67 | ૮ ઉપવાસ | ચંદ્રેશ લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા, ઇન્દોર |
| 68 | ૮ ઉપવાસ | ધનેશ લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા, ભુવનેશ્વર |
| 69 | ૮ ઉપવાસ | મિતલ વસંત મોમાયા (પટેલ) | વરાડીયા, વરાડીયા |
| 70 | ૮ ઉપવાસ | પીંકી અશ્વીન લોડાયા | લાલા, ડોંબિવલી |
| 71 | ૮ ઉપવાસ | કરન હિરાચંદ મૈશેરી | સુથરી, ઘાટકોપર |
| 72 | ૮ ઉપવાસ | દિમ્પી મયુર લોડાયા | મોટી ખાવડી, ઘાટકોપર |
| 73 | ૮ ઉપવાસ | પરિન હિરેન શિઆલ | તેરા, ઘાટકોપર |
| 74 | ૮ ઉપવાસ | અંકિત મહેશ લાપસીઆ | રંગપુર, ઘાટકોપર |
| 75 | ૮ ઉપવાસ | ડેનીશ નરીશ લોડાયા | સુથરી, ઘાટકોપર |
| 76 | ૮ ઉપવાસ | નિરજ મધુકાંત લોડાયા | સુથરી, ઘાટકોપર |

| | | | |
|---|---|---|---|
| 77 | ૮ ઉપવાસ | રાહુલ દિનેશ લાપસીઆ | રંગપુર, ડોંબિવલી |
| 78 | ૮ ઉપવાસ | શૈલેષ ઝવેરચંદ પોલડિઆ | બાયઠ, ડોંબિવલી |
| 79 | ૮ ઉપવાસ | સલોની શૈલેષ પોલડિઆ | બાયઠ, ડોંબિવલી |
| 80 | ૮ ઉપવાસ | માનસી કુમાર દંડ | નાની ખાવડી, ડોંબિવલી |
| 81 | ૮ ઉપવાસ | કસક દિતેશ લોડાયા | રાપર, ઘાટકોપર |
| 82 | ૮ ઉપવાસ | ભાવિન કિરણ ભેદા | વારાપધર, મુલુંડ |
| 83 | ૮ ઉપવાસ | સાગર પ્રદીપ દંડ | લાલા, ભાંડુપ |
| 84 | ૮ ઉપવાસ | હર્ષ કૈલાશ મોતા | નલિયા, વાપી |
| 85 | ૮ ઉપવાસ | ધવલ ગિરીશ મૈશેરી | રાપર, ડોંબિવલી |
| 86 | ૮ ઉપવાસ | રાજુલા મુકેશ દંડ | મંજલ, ભિલાઇ |
| 87 | ૮ ઉપવાસ | મોનીશ નવીનચંદ્ર સાયલા | મંજલ, ડોંબિવલી |
| 88 | ૮ ઉપવાસ | સ્મિત હિરાચંદ લાપસીઆ | દલતુંગી, ડોંબિવલી |
| 89 | ૮ ઉપવાસ | ઉર્મિલા હેમચંદ નાગડા | લાલા, ખિરકીયા |
| 90 | ૮ ઉપવાસ | જિતલ યોગેશ નાગડા | લાલા, ખિરકીયા |
| 91 | ૮ ઉપવાસ | દિપમાલા વિક્રમ નાગડા | લાલા, ખિરકીયા |
| 92 | ૮ ઉપવાસ | રાજેશ શાંતિલાલ શિઆલ | દલતુંગી, ડોંબિવલી |
| 93 | ૮ ઉપવાસ | સાહીલ રાહુલ લાલકા | વારાપધર, ઉલ્વે (નવી મુંબઇ) |
| 94 | ૮ ઉપવાસ | ભુમીકા ચેતન મોમાયા | વારાપધર, ડોબિવલી |
| 95 | ૮ ઉપવાસ | વિશાલ ભરત મૈશેરી | જખૌ, ડોંબિવલી |
| 96 | ૮ ઉપવાસ | નિર્મલા જવેરચંદ દંડ | પરજાઉ, ડોંબિવલી |
| 97 | ૮ ઉપવાસ | ચિરાગ પ્રદીપ નાગડા | નલિયા, ડોંબિવલી |
| 98 | ૮ ઉપવાસ | દર્શન રાજેશ મુનવર | જખૌ, જખૌ |
| 99 | ૮ ઉપવાસ | મિહીર રાજેશ મુનવર | જખૌ, જખૌ |
| 100 | ૮ ઉપવાસ | લીના હીરાચંદ લોડાયા | સાંયરા, વડોદરા |
| 101 | ૮ ઉપવાસ | કુંજલ પરાગ મોમાયા | સાંયરા, ડોંબિવલી |
| 102 | ૮ ઉપવાસ | શ્રુત પરેશ દંડ | બાયઠ, અંતરજાલ |
| 103 | ૮ ઉપવાસ | દર્શ અતુલ શિઆલ | જખૌ, માલેગાંવ |
| 104 | ૮ ઉપવાસ | સાગર શશીકાંત ખોના | સાંયરા, ઘાટકોપર |
| 105 | ૮ ઉપવાસ | જય કલ્પેશ લોડાયા | રવા, ચેંબુર |
| 106 | ૮ ઉપવાસ | ધર્મિષા મનિષ ધ્રોળ | કોટડી, કાંજુરમાર્ગ |
| 107 | ૮ ઉપવાસ | સમતા પરીન ખોના | તેરા, મુલુંડ |
| 108 | ૮ ઉપવાસ | હેમિન અતુલ મોતા | નલિયા, ભાંડુપ |
| 109 | ૮ ઉપવાસ | વર્ષા સોમચંદ લાપસીઆ | દલતુંગી, ડોંબિવલી |
| 110 | ૮ ઉપવાસ | દિવ્યા હરેશ ધરમશી | કોઠારા, ઊંઝા |
| 111 | ૮ ઉપવાસ | તરન નવીન મૈશેરી | બાંઢિયા, ડોંબિવલી |
| 112 | ૮ ઉપવાસ | માનસી સુશાન્ત લોડાયા | રવા, ભાંડુપ |
| 113 | ૮ ઉપવાસ | ધૈર્ય પ્રજ્ઞેશ દંડ | લાલા, ડોંબિવલી |
| 114 | ૮ ઉપવાસ | ખુશ્બુ આશિષ મોતા | જસાપર, ડોંબિવલી |
| 115 | ૮ ઉપવાસ | ભુમિલ ચીરાગ ધરમશી | રંગપુર, બોરીવલી |
| 116 | ૮ ઉપવાસ | ચેતના સંજય મોતા | સુથરી, અમદાવાદ |
| 117 | ૮ ઉપવાસ | તારુલતા વિજય લોડાયા | નલિયા, છટારસી |
| 118 | ૮ ઉપવાસ | શીલ્પા ધિરજ લોડાયા | વારાપધર, ચાલીસગામ |

| | | | |
|---|---|---|---|
| 119 | ૮ ઉપવાસ | કેયૂર મનોજ ગોસર | ગોએરસમા, સુરત |
| 120 | ૮ ઉપવાસ | મયુરી ધર્મેશ કુરૂવા | ગોધરા, ડોંબિવલી |
| 121 | ૮ ઉપવાસ | પ્રજ્ઞા મનોજ દંડ | તેરા, કલ્યાણ |
| 122 | ૮ ઉપવાસ | નિકીતા વિજય ખોના | રંગપુર, ડોંબિવલી |
| 123 | ૮ ઉપવાસ | ખમાવંતી નવીનચંદ મૈશેરી | લાલા, રાવેર |
| 124 | ૮ ઉપવાસ | શોભના ચીમન દંડ | તેરા, અંકલેશ્વર |
| 125 | ૮ ઉપવાસ | વૈશાલી મેહુલ ખોના | કોઠારા, આદિપુર |
| 126 | ૮ ઉપવાસ | કરીના કમલેશ ખોના | મોટી ખાવડી, મોટી ખાવડી |
| 127 | ૮ ઉપવાસ | ખમાવંતી ગુલાબ મૈશેરી | મોટી સિંધોડી, ડોંબિવલી |
| 128 | ૮ ઉપવાસ | વિરલ મુકેશ મોમાયા | જખૌ, અંબરનાથ |
| 129 | ૮ ઉપવાસ | ગુંજલ કિરણ નાગડા | કોઠારા, અહેમદનગર |
| 130 | ૮ ઉપવાસ | કલ્પેશ કાંતીલાલ શિઆલ | જખૌ, ડોંબિવલી |
| 131 | ૮ ઉપવાસ | ઉત્તમચંદ ખીમજી મૈશેરી | નાની સિંધોડી, રાયપુર |
| 132 | ૮ ઉપવાસ | ભાવેશ ચંદ્રકાંત ધરમશી | સુથરી, મસ્જીદ બંદર |
| 133 | ૮ ઉપવાસ | ગુંજ ભાવેશ ધરમશી | સુથરી, મસ્જીદ બંદર |
| 134 | ૮ ઉપવાસ | જ્યોતિ શૈલેષ ધરમશી | સાંયરા, ડોંબિવલી |
| 135 | ૮ ઉપવાસ | આશુ ગૌરવ છેડા | નલિયા, ભાંડુપ |
| 136 | ૮ ઉપવાસ | જયેશ શાંતિલાલ લોડાયા | સાંયરા, જલગામ |
| 137 | ૮ ઉપવાસ | અલ્કા ભુપેન્દ્ર ખોના | બારોઇ, ગદગ |
| 138 | ૮ ઉપવાસ | મમતા જયેશ મૈશેરી | જખૌ, જાલના |
| 139 | ૮ ઉપવાસ | ખંત જયેશ લોડાયા | વારાપધર, ડોંબિવલી |
| 140 | ૮ ઉપવાસ | યુક્તિ પિયુષ લોડાયા | મોટી સિંધોડી, મુલુંડ |
| 141 | ૮ ઉપવાસ | સ્તુતિ પિયુષ લોડાયા | મોટી સિંધોડી, મુલુંડ |
| 142 | ૮ ઉપવાસ | નિવ વિપુલ ડાઘા | દલતુંગી, ઘાટકોપર |
| 143 | ૮ ઉપવાસ | ઉજ્જવલ પિયૂષ લોડાયા | સાંયરા, નાલાસોપારા |
| 144 | ૮ ઉપવાસ | આયુષ રીતેશ છેડા | સુજાપુર, વેરાવલ |
| 145 | ૮ ઉપવાસ | રોનક નરેન્દ્ર લાપસીઆ | દલતુંગી, ગોરેગાંવ |
| 146 | ૮ ઉપવાસ | નિકુંજ નિતીન કુરૂવા | ગોધરા, માટુંગા |
| 147 | ૮ ઉપવાસ | કૃપા વિશાલ નાગડા | નલિયા, બેંગલોર |
| 148 | ૮ ઉપવાસ | ભાવેશ રતીલાલ શિયાલ | દલતુંગી,  ડોંબિવલી |
| 149 | ૮ ઉપવાસ | વૃષભ મનિષ ધરમશી | સાંયરા, ભુજોડી |
| 150 | ૮ ઉપવાસ | રોહન હિરેન શિઆલ | દલતુંગી, જામનગર |
| 151 | ૮ ઉપવાસ | સરલા દિનેશ મોતા | કોઠારા, કોઠારા |
| 152 | ૮ ઉપવાસ | જ્યોત્સના મનિષ ધરમશી | સાંયરા, ભુજોડી |
| 153 | ૮ ઉપવાસ | મનીશ દિલીપ લોડાયા | નાની ખાવડી, થાણા |
| 154 | ૮ ઉપવાસ | અક્ષિતા ભરત મોતા | રાપર, ડોંબિવલી |
| 155 | ૮ ઉપવાસ | મયુર જયંતીલાલ ધુલ્લા (દૌલત) | દલતુંગી, ડોંબિવલી |
| 156 | ૮ ઉપવાસ | ભાવીન રાજેશ નાગડા (મેપાણી) | પરજાઉ, મુલુંડ |
| 157 | ૮ ઉપવાસ | યુક્તા મનોજ નાગડા | વારાપધર, મલકાપુર |
| 158 | ૮ ઉપવાસ | ખુશ્બુ અરુણ ડાઘા | વરાડીયા, મલકાપુર |
| 159 | ૮ ઉપવાસ | નુતન શાંતિલાલ લોડાયા | સાંયરા, મુલુંડ |
| 160 | ૮ ઉપવાસ | મહેન્દ્રકુમાર ખેતશી પોલડિઆ | બાયઠ, ઇન્દોર |

| | | | |
|---|---|---|---|
| 161 | ૮ ઉપવાસ | ધીરજ અજય દંડ | તેરા, પુણે |
| 162 | ૮ ઉપવાસ | મિત્તલ મહેશ નાગડા | રાપર, ડોંબિવલી |
| 163 | ૮ ઉપવાસ | રોહન મયુર ગોસર | બારોઇ, ડોંબિવલી |
| 164 | ૮ ઉપવાસ | નેહા નિલેશ ધુલ્લા | બાંઢિયા, મલાડ |
| 165 | ૮ ઉપવાસ | દીપા રાજેશ ખોના | નલિયા, ડોંબિવલી |
| 166 | ૮ ઉપવાસ | નેહા વિવેક મુનવર | જખૌ, ડોંબિવલી |
| 167 | ૮ ઉપવાસ | સુનીલ માલશી મોમાયા | સાંયરા, ગદગ |
| 168 | ૮ ઉપવાસ | મીત યોગેશ મુનવર | જખૌ, અગાશી |
| 169 | ૮ ઉપવાસ | ખુશી નિલેશ ડાઘા | વરાડીયા, અંતરજાલ |
| 170 | ૮ ઉપવાસ | પ્રિયાંક ગજેશ ડાઘા | વરાડીયા, મસ્જિદ બંદર |
| 171 | ૮ ઉપવાસ | જીતેન્દ્ર મોતીચંદ દંડ | વરાડીયા, ડોંબિવલી |
| 172 | ૮ ઉપવાસ | દિપાલી ધનપતિ લોડાયા (રતાણી) | તેરા, ચાલીસગામ |
| 173 | ૮ ઉપવાસ | ચાર્મી ધનપતિ લોડાયા (રતાણી) | તેરા, ચાલીસગામ |
| 174 | ૮ ઉપવાસ | દિવ્યા કલ્પેશ લોડાયા | સુથરી, મુલુંડ |
| 175 | ૮ ઉપવાસ | પૂજા ખુશાલ સંઘવી | સાંધાણ, મુલુંડ |
| 176 | ૮ ઉપવાસ | હેમીના જેઠાલાલ સંઘવી | સાંધાણ, મુલુંડ |
| 177 | ૮ ઉપવાસ | ભુમીકા વિજય સોની | વાંકુ, ડોંબિવલી |
| 178 | ૮ ઉપવાસ | ગૌરવ હિરેન શિઆલ | જખૌ, જાલના |
| 179 | ૮ ઉપવાસ | જુગલ મણિલાલ મોતા | તેરા, ડોંબિવલી |
| 180 | ૮ ઉપવાસ | લિકેશ સંજય મૈશેરી | ગોધરા, ડોંબિવલી |
| 181 | ૮ ઉપવાસ | દર્શના દર્પણ છેડા | સુથરી, મુલુંડ |
| 182 | ૮ ઉપવાસ | હિના નવિન ધરમશી | સુથરી, બેંગલોર |
| 183 | ૮ ઉપવાસ | સચિન રાજેસ નાગડા | નલિયા, આદિપુર |
| 184 | ૮ ઉપવાસ | દિશા યોગેશ લાપસીઆ | દલતુંગી, ડોંબિવલી |
| 185 | ૮ ઉપવાસ | મધુરીબાઈ દામજી નાગડા | નલિયા, ડોંબિવલી |
| 186 | ૮ ઉપવાસ | કિરણકુમાર નારાણજી મોમાયા | સુથરી, ભાંડુપ |
| 187 | ૮ ઉપવાસ | ધીરેન રમેશ નાગડા | નલિયા, કોચીન |
| 188 | ૮ ઉપવાસ | યામીની ભરત મોમાયા | નલિયા, અંતરજાલ |
| 189 | ૮ ઉપવાસ | ચાર્મી કેતન લોડાયા | બાંઢિયા, અમદાવાદ |
| 190 | ૮ ઉપવાસ | ધારા આકાશ લોડાયા | રવા, ભાંડુપ |
| 191 | ૮ ઉપવાસ | મનીષા ભાવેશ લોડાયા | મોટી ખાવડી, કલવા |
| 192 | ૮ ઉપવાસ | યોગેશ જયંતિલાલ ધુલ્લા | ભરૂડીયા, ડોંબિવલી |
| 193 | ૮ ઉપવાસ | ભુપેન ખુશાલ લોડાયા | રાપર, વાશી |
| 194 | ૮ ઉપવાસ | જીગર ઉત્તમચંદ ડાઘા (માલદે) | દલતુંગી, ડોંબિવલી |
| 195 | ૮ ઉપવાસ | ચંદ્રેશ રજનીકાંત લોડાયા | મોટી ખાવડી, ભિવંડી |
| 196 | ૮ ઉપવાસ | અરુણા હંસરાજ ધરમશી | મંજલ, USA (અમેરિકા) |
| 197 | ૮ ઉપવાસ | કોમલ હંસરાજ ધરમશી | મંજલ, USA (અમેરિકા) |
| 198 | ૮ ઉપવાસ | ચાર્વિક નિતીન મોમાયા | વરાડીયા, ભાંડુપ |
| 199 | ૮ ઉપવાસ | મીનાક્ષી મહેન્દ્ર મૈશેરી | કુઆપધર, ડોંબિવલી |
| 200 | ૮ ઉપવાસ | જીજ્ઞેશ નરેન્દ્ર નાગડા | રંગપુર, મુલુંડ |
| 201 | ૮ ઉપવાસ | ચિરાગ લક્ષ્મીચંદ મોતા | રાપર, ડોંબિવલી |
| 202 | ૮ ઉપવાસ | પ્રવિણા દિનેશ ધરમશી | રંગપુર, સાંતાક્રુઝ |

| | | | |
|---|---|---|---|
| 203 | ૮ ઉપવાસ | હેતલ તિલકચંદ નાગડા | તેરા, મુલુંડ |
| 204 | ૮ ઉપવાસ | હાર્દિક શરદ ખોના | કોઠારા, સાંગલી |
| 205 | ૮ ઉપવાસ | રોશની સંતોષ મોમાયા | વરાડીયા, સેંધવા |
| 206 | ૮ ઉપવાસ | નિધ્ધી ચંદ્રેશ છેડા | નલિયા, થાણા |
| 207 | ૮ ઉપવાસ | જયા સુરેશ લોડાયા | જખૌ, મુલુંડ |
| 208 | ૮ ઉપવાસ | જીજ્ઞેશ રાયચંદ દંડ | દલતુંગી, ઘાટકોપર |
| 209 | ૮ ઉપવાસ | ચૈતાલી યોગેશ મોતા | તેરા, ગાંધીધામ |
| 210 | ૮ ઉપવાસ | વૈશાલી પવન ધરમશી | બાયઠ, અમરાવતી |
| 211 | ૮ ઉપવાસ | પવન હરીશ ધરમશી | બાયઠ, અમરાવતી |
| 212 | ૮ ઉપવાસ | ભાવેશ હેમરાજ ખોના | વરાડીયા, ડોંબિવલી |
| 213 | ૮ ઉપવાસ | કલ્પેશ દિનેશ ખોના | સુથરી, ભાંડુપ |
| 214 | ૮ ઉપવાસ | પારસ સુનિલ લોડાયા | મોટી ખાવડી, જામનગર |
| 215 | ૮ ઉપવાસ | હિના હિરેન ધરમશી | ગોરખડી, મુલુંડ |
| 216 | ૮ ઉપવાસ | મોનાલી કપિલ નાગડા | તેરા, મુલુંડ |
| 217 | ૮ ઉપવાસ | લતા હિતેન્દ્ર ડાઘા | દલતુંગી, ડોંબિવલી |
| 218 | ૮ ઉપવાસ | રુપલ રુપેશ ખોના | સુથરી, કોચીન |
| 219 | ૮ ઉપવાસ | રીટા ચેતન નાગડા | નલિયા, ખંડવા |
| 220 | ૮ ઉપવાસ | રાજ વિજય ખોના | રંગપુર, ડોંબિવલી |
| 221 | ૮ ઉપવાસ | સચિન ભરત મોતા | કુઆપધર, હૈદરાબાદ |
| 222 | ૮ ઉપવાસ | કાશ્મીરા રાજેશ ધરમશી | સુથરી, બેંગલોર |
| 223 | ૮ ઉપવાસ | હેતલ કમલેશ પોલડિઆ | બાયઠ, પાંચોરા |
| 224 | ૮ ઉપવાસ | ગૌરાંગી કમલેશ લોડાયા | જખૌ, સાંતાક્રુઝ |
| 225 | ૮ ઉપવાસ | દિશા હિતેશ ધરમશી | કોઠારા, હૈદરાબાદ |
| 226 | ૮ ઉપવાસ | અભિષેક પારસ ધરમશી | કોઠારા, હૈદરાબાદ |
| 227 | ૮ ઉપવાસ | વૈભવ સોમ્ચક મોમાયા | સાંયરા, ડોંબિવલી |
| 228 | ૮ ઉપવાસ | હેન્શી ચેતન ખોના | સુથરી, અંતરજાલ |
| 229 | ૮ ઉપવાસ | ગીતા ગૌતમ મૈશેરી | કુઆપધર, અહમદનગર |
| 230 | ૮ ઉપવાસ | કિર્તીદા ઝવેરચંદ નાગડા | જખૌ, મુલુંડ |
| 231 | ૮ ઉપવાસ | પાર્થ ભાવેશ સોની | સુથરી, ભાંડુપ |
| 232 | ૮ ઉપવાસ | તેજલ ખીરેશ ધ્રોળ | કોટડી, ડોંબિવલી |
| 233 | ૮ ઉપવાસ | ખીરેશ પદમશી સાયલા | તેરા, ડોંબિવલી |
| 234 | ૮ ઉપવાસ | કૃપા દિનેશ ધરમશી | તેરા, ડોંબિવલી |
| 235 | ૮ ઉપવાસ | લબ્ધિ ધનપાલ મોતા | તેરા, કાંજુરમાર્ગ |
| 236 | ૮ ઉપવાસ | ખુશ્બુ પૃથ્વીરાજ મોમાયા | વરાડીયા, માટુંગા |
| 237 | ૮ ઉપવાસ | મિહીર અશોક મોમાયા | વરાડીયા, ભાંડુપ |
| 238 | ૮ ઉપવાસ | કુશ ચેતન લોડાયા | સુથરી, મુલુંડ |
| 239 | ૮ ઉપવાસ | હંસા હિતેન્દ્ર ધરમશી | નલિયા, યવતમાલ |
| 240 | ૮ ઉપવાસ | વિજય ઉમરશી મોમાયા | વરાડીયા, મુલુંડ |
| 241 | ૮ ઉપવાસ | મુકેશ આણંદજી કુરૂવા | ગોધરા, ડોંબિવલી |
| 242 | ૮ ઉપવાસ | અલ્પા ચેતન લોડાયા | સાંધવ, મુલુંડ |
| 243 | ૮ ઉપવાસ | કુનાલ રાજેશ લોડાયા | કોઠારા, ચેંબુર |
| 244 | ૮ ઉપવાસ | મિત પિયુષ નાગડા | જખૌ, ગોઆ |

| | | | |
|---|---|---|---|
| 245 | ૮ ઉપવાસ | દીપ હીરાચંદ છેડા | નલિયા, ડોંબિવલી |
| 246 | ૮ ઉપવાસ | લબ્ધી નિરેન લોડાયા | નલિયા, થાણા |
| 247 | ૮ ઉપવાસ | ચિરાગ પ્રવિણચંદ લોડાયા | બાયઠ, ભાંડુપ |
| 248 | ૮ ઉપવાસ | મોનિકા મહેંદ્ર લોડાયા | દલતુંગી, ડોંબિવલી |
| 249 | ૮ ઉપવાસ | રાહુલ પ્રકાશ કુરૂવા | ગોધરા, ડોબિવલી |
| 250 | ૮ ઉપવાસ | મનીષા ધીરીષ મોમાયા | વરાડીયા, બેંગલોર |
| 251 | ૮ ઉપવાસ | વિરાજ પરેશ ધરમશી | સુથરી, બેંગલોર |
| 252 | ૮ ઉપવાસ | અવની પરેશ ધરમશી | સુથરી, બેંગલોર |
| 253 | ૮ ઉપવાસ | આદિત્ય જયેશ નાગડા | રંગપુર, બેંગલોર |
| 254 | ૮ ઉપવાસ | નીલા પ્રશાંત ખોના | જખૌ, રાજકોટ |
| 255 | ૮ ઉપવાસ | ભાવના મુકેશ લોડાયા | માંડવી, કોચીન |
| 256 | ૮ ઉપવાસ | અભિષેક વિનોદ ગોસર | બારોઇ, ડોંબિવલી |
| 257 | ૮ ઉપવાસ | નરેન્દ્ર મણિલાલ ધરમશી | નાની સિંધોડી, ડોંબિવલી |
| 258 | ૮ ઉપવાસ | પુષ્પા નરેન્દ્ર ધરમશી | નાની સિંધોડી, ડોંબિવલી |
| 259 | ૮ ઉપવાસ | ભવ્ય કિરણ દંડ | બાયઠ, સાનપાડા |
| 260 | ૮ ઉપવાસ | ધર્મિન યોગેશ મોતા | તેરા, મસ્જિદબંદર |
| 261 | ૮ ઉપવાસ | નીલમ હિરેન લાપસીઆ | દલતુંગી, મુલુંડ |
| 262 | ૮ ઉપવાસ | જીગેશ નરેન્દ્ર મૈશેરી | જખૌ, થાણા |
| 263 | ૮ ઉપવાસ | હિરલ રોકી લોડાયા | સાંધવ, ડોંબિવલી |
| 264 | ૮ ઉપવાસ | વિરેન લલીતકુમાર લોડાયા | રાપર, હૈદરાબાદ |
| 265 | ૮ ઉપવાસ | જયશ્રી જવેરચંદ ખોના | સાંધવ, ડોંબિવલી |
| 266 | ૮ ઉપવાસ | ઇશા હર્ષદ લોડાયા | મોટી ખાવડી, મોટી ખાવડી |
| 267 | ૮ ઉપવાસ | વંદન અશોક ધરમશી | નલિયા, અંબડ |
| 268 | ૮ ઉપવાસ | વિશિત લિતિન લોડાયા | નાની ખાવડી, કોઇમ્બતોર |
| 269 | ૮ ઉપવાસ | રિયા અતુલ મોતા | તેરા, ડોંબિવલી |
| 270 | ૮ ઉપવાસ | રીયા પારસ કુરૂવા | ગોધરા, સાંગલી |
| 271 | ૮ ઉપવાસ | ધાર્મી પૂર્વેશ મોતા | કુવાપધર, હૈદરાબાદ |
| 272 | ૮ ઉપવાસ | નિયતિ અમીત લાલકા | નલિયા, મુલુંડ |
| 273 | ૮ ઉપવાસ | ચિત્રા કુમારપાલ ધરમશી | જખૌ, ડોંબિવલી |
| 274 | અન્ય - અક્ષય નિધિ તપ | નિશિતા જીજ્ઞેશ દંડ | દલતુંગી, ઘાટકોપર |
| 275 | અન્ય - અક્ષય નિધિ તપ | ધારિણી નીતીન સાયલા | તેરા, મુલુંડ |
| 276 | અન્ય - અક્ષય નિધિ તપ | લતા રાજેશ નાગડા | નલિયા, વડોદરા |
| 277 | અન્ય - અક્ષય નિધિ તપ | હિના જીતેન્દ્ર મૈશેરી | લાલા, ઘાટકોપર |
| 278 | અન્ય - અક્ષય નિધિ તપ | શીતલ કુમારપાલ દંડ | વરાડીયા, મલકાપુર |
| 279 | અન્ય - અક્ષય નિધિ તપ | ધારીણી અમીત દંડ | વરાડીયા, ઘાટકોપર |
| 280 | અન્ય - અક્ષય નિધિ તપ | હેતલ વિશાલ મુનવર | જખૌ, અગાશી |
| 281 | અન્ય - અક્ષય નિધિ તપ | પ્રિતી મહેન્દ્ર લોડાયા | તેરા, કારંજા |
| 282 | અન્ય - અક્ષય નિધિ તપ | નેહા રોહન લોડાયા | રવા, વાપી |
| 283 | અન્ય - અક્ષય નિધિ તપ | દિમી પરેશ લોડાયા | કોઠારા, ચેંબુર |
| 284 | અન્ય - અક્ષય નિધિ તપ | ડિમ્પલ અશોક મુનવર | જખૌ,કલ્યાણ |
| 285 | અન્ય - અક્ષય નિધિ તપ | પ્રિતી ધર્મેશ ખોના | વરાડીયા, ડોંબિવલી |
| 286 | અન્ય - અક્ષય નિધિ તપ, શેત્રુંજય તપ | મમતા સંજય દંડ | લાલા, મલકાપુર |

| | | | |
|---|---|---|---|
| 287 | અન્ય - અષ્ટ કર્મ સુદન તપ | ભારતી ઉત્તમ લોડાયા (શાહ) | રાપર, માટુંગા |
| 288 | અન્ય - ક્ષીર સમુદ્ર તપ | ધ્રુવ નયન મોમાયા | વરાડીયા, અંકલેશ્વર |
| 289 | અન્ય - ક્ષીર સમુદ્ર તપ | ખુશી જિતેંદ્ર લાલકા | વારાપધર, બોરીવલી |
| 290 | અન્ય - ચત્તારિ અઠ દસ દોય તપ | લીના વિજય મોમાયા | વરાડીયા, મુલુંડ |
| 291 | અન્ય - ચૌદપુરક તપ | કલ્પના ટારઝન ધરમશી | સુથરી, ડોંબિવલી |
| 292 | અન્ય - ચૌદપુરક તપ | દિપાલી કપીશ મોમાયા | વરાડીયા, ડોંબિવલી |
| 293 | અન્ય - ચૌદપુરક તપ | ગીતા કિરીટ લોડાયા | સાંયરા, ડોંબિવલી |
| 294 | અન્ય - ધર્મચક્ર તપ | નરેન્દ્ર પાસુભાઈ લાપસીઆ | દલતુંગી, ગોરેગામ |
| 295 | અન્ય - ધર્મચક્ર તપ | ઉર્વશી નરેન્દ્ર લાપસીઆ | દલતુંગી, ગોરેગામ |
| 296 | અન્ય - ધર્મચક્ર તપ | સુમન નરેન્દ્ર લાપસીઆ | દલતુંગી, ગોરેગામ |
| 297 | અન્ય - નમિઉણ તપ, અરિહંત પદ તપ, સમવસરણ તપ | લક્ષ્મીચંદ વેલજી ધુલ્લા | બાંઢિયા, ઈસાનપુર |
| 298 | અન્ય - નમિઉણ તપ, અરિહંત પદ તપ, સમવસરણ તપ | હંસાબેન લક્ષ્મીચંદ ધુલ્લા | બાંઢિયા, ઈસાનપુર |
| 299 | અન્ય - સંયમ ભાવ વૃધ્ધિ તપ | રજનિકાંત લાલજી ધરમશી | સુથરી, થાણે |
| 300 | અન્ય - સંયમ ભાવ વૃધ્ધિ તપ | પ્રિતી જીતેન્દ્ર ધુલ્લા | ભરૂડીયા, ડોંબિવલી |
| 301 | અન્ય - સંયમ ભાવ વૃધ્ધિ તપ | હર્ષિતા જીતેન્દ્ર ધુલ્લા | ભરૂડીયા, ડોંબિવલી |
| 302 | અન્ય - સંયમ ભાવ વૃધ્ધિ તપ | છાયા નવીન મૈશેરી | બાંઢિયા, ડોંબિવલી |
| 303 | અન્ય - સંયમ ભાવ વૃધ્ધિ તપ | પ્રવિણ ટોકરશી લોડાયા | કોઠારા, ડોંબિવલી |
| 304 | અન્ય - સંયમ ભાવ વૃધ્ધિ તપ | યામીની નિતેશ લોડાયા | વારાપધર, ડોંબિવલી |
| 305 | અન્ય - સંયમ ભાવ વૃધ્ધિ તપ | કાંતા કુમારપાલ મોમાયા | વરાડીયા, ડોંબિવલી |
| 306 | અન્ય - સંયમ ભાવ વૃધ્ધિ તપ | કિરીટ કુંવરજી લોડાયા | સાંયરા, ડોંબિવલી |
| 307 | અન્ય - સમવસરણ  તપ | તૃપ્તિ જીજ્ઞેશ દંડ | દલતુંગી, ઘાટકોપર |
| 308 | અન્ય - સમવસરણ  તપ | ઇન્દિરા રતિલાલ નાગડા | કોઠારા,ડોંબિવલી |
| 309 | અન્ય - સમવસરણ તપ | કલ્પેશ હંસરાજ ધરમશી | જખૌ, ડોંબિવલી |
| 310 | અન્ય - સમવસરણ તપ | નેહા ગૌરવ દંડ | વરાડીયા, મલકાપુર |
| 311 | અન્ય - સમવસરણ તપ | દમયંતી દિનેશ લાલકા | નલિયા, મુલુંડ |
| 312 | અન્ય - સમવસરણ તપ | જયશ્રી પંકજ છેડા | સુથરી, મુલુંડ |
| 313 | અન્ય - સમવસરણ તપ | વર્ષા દિપક લાલકા | નલિયા, મુલુંડ |
| 314 | અન્ય - સિધ્ધિ તપ | કામિની અજય મોતા | નલિયા,  ડોંબિવલી |
| 315 | અન્ય - સિધ્ધિ તપ | કુલીનકાંત પદમશી લોડાયા (પીર) | સુથરી, ડોંબિવલી |
| 316 | અન્ય - સિધ્ધિ તપ | ભક્તિ ચેતન લોડાયા | નલિયા, ડોંબિવલી |
| 317 | અન્ય - સિધ્ધિ તપ | ખુશ્બુ હિરેન વિકમશી | વારાપધર, ડોંબિવલી |
| 318 | અન્ય - સિધ્ધિ તપ | લીના પ્રવિણ લોડાયા | કોઠારા, ડોંબિવલી |
| 319 | અન્ય - સિધ્ધિ તપ | વિજયા પ્રિતમ લાલકા | લાલા, વડોદરા |
| 320 | અન્ય - સિધ્ધિ તપ | મીના ઉત્તમચંદ મૈશેરી | નાની સિંધોડી, રાયપુર |
| 321 | અન્ય - સિધ્ધિ તપ | સોમ્યક તિલકચંદ મોમાયા | સાંયરા, ડોંબિવલી |
| 322 | અન્ય - સિધ્ધિ તપ | રીટા મયુર દંડ | સાંધવ, ડોંબિવલી |
| 323 | અન્ય - સિધ્ધિ તપ | પારસ પ્રવીનચંદ્ર કુરૂવા | ગોધરા, સાંગલી |
| 324 | અન્ય - સિધ્ધિ તપ | ચેતન પ્રવીનચંદ્ર કુરૂવા | ગોધરા, સાંગલી |
| 325 | અન્ય - સિધ્ધિ તપ | દિપ્તી ચેતન કુરૂવા | ગોધરા, સાંગલી |

**પ્રકાશ-સમીક્ષા સમિતિ વતીથી સર્વે તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના....**

# સાઉથ આફ્રિકા તો ફક્ત Urvi Tours ના સથવારે

## અમે નહીં...પ્રવાસીઓ કહે છે...

## કેપટાઉન, હરમાનસ, નાઈસના, સનસીટી, પીલાનીસબર્ગ નેશનલપાર્ક, જોહાનીસબર્ગ




- સાઉથ આફ્રિકા પહોંચાડનારી વર્લ્ડ ક્લાસ ડ્રીમ લાઈનર એરલાઈન્સ દ્વારા પ્રવાસ
- **આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદીષ્ટ ભોજન (બ્રેકફાસ્ટ, લંચ, ડીનર) આપણા ઉતારાની હોટેલના બેંકવેટ હોલમાં જ.**
- સનસીટીમાં પેલેસ ઓફ ધ લોસ્ટ સીટી ૫ સ્ટાર હોટલમાં ૨ રાત્રીનો મુકામ, પેલેસ હોટેલમાં પણ આપણા મહારાજ દ્વારા સ્વાદીષ્ટ ભોજન જે ફક્ત ઉર્વી ટુર્સ આપે છે.

  સાઉથ આફ્રિકાની સફારીમાં ૧ રાત્રી ના મુકામ સાથે ૨ સફારી ઓપન જીપમાં, જે ગર્વમેન્ટ અપ્રુવ્ડ નેશનલ પાર્ક છે.
- ગાર્ડન રૂટ : કાંગો કેવ્સ, ઑસ્ટ્રીચ ફાર્મ, વાઈલ્ડ લાઈફ રેંજ, એલોવેરા ફાર્મ, નાયસના, સીસીકામા નેશનલ પાર્ક, બંજી જમ્પીંગ બ્રીજ.
- કેપટાઉનમાં : ટેબલમાઉંટન, કેપ પોઈંટ, કેપ ઓફ ગુડ હોપ, પેંગવીન પાર્ક, સીલ આયલેંડ, એટલાંટીક મહાસાગર ડ્રાઈવ
- કેપટાઉનમાં ૫ સ્ટાર Radisson હોટેલમાં ઉતારા

**બુકીંગ કરાવનારને ઝીપલાઇન એક્ટીવીટી, ક્વૉડ બાઇક એક્ટીવીટી, સનસીટીમાં લાયનવોક, હેલીકોપ્ટર રાઇડ કેપટાઉનમાં તદ્દન ફ્રી...**

**Departure : Oct. 12 • Nov. : 2, 4 (Full), 6, 10, 12,14 • Dec. : 20***

## : અન્ય પ્રસ્થાનો :

**સ્કેન્ડિનેવિયા, ટર્કી, આઇસલેન્ડ, અલાસ્કા-કેનેડા, ઇજિપ્ત, ન્યુઝીલેન્ડ, અમેરિકા, સેન્ટ્રલ યુરોપ, ક્રોએશિયા-સ્લોવેનિયા**

1, Palm View, Lakhamshi Napoo Rd., After Swami Narayan Temple, Opp. Vidyalankar Class, **Dadar (E), Mumbai.**

URVI TOURS®
*where U & V meet to create memories...*

022-2413 2281/ 2282
022-2413 2283
09892720353

info@urvitours.com / www.urvitours.com

| | |
|---|---|
| Nirav Mehta | +91 8082278468 |
| Nayan Soni | +91 9757025247 |
| Purav Solani | +91 9322994404 |
| Pinak Majmudar | +91 9920472203 |

BINITA SATISH MARU : 98690 34162


ICELAND
આઇસલેન્ડમાં ૯ રાત્રી અને ૧૦ દિવસ
આઇસલેન્ડમાં ઉર્વી ટૂર્સના
હાર્દિક મહેતાના સથવારે
આપણા જૈન સમાજના દિગ્ગજોની
અદ્‌ભૂત અવિસ્મરણીય
સફરોની ઝાંખીઓ...
DEP. DATES : 25 Sept. - Full (Thanks to KDO Classic Group)
28 September - Full • 8 October - Full
19 October (Few seats) & 28 October • 7, 17 & 27 November
• ૪ સ્ટાર હોટલમાં ઉતારો • આપણા મહારાજ દ્વારા બનાવેલા સ્વાદિષ્ટ ભોજન
• આપણી ઉતારાની હોટલના બેન્કવેટ હોટલમાં જ બ્રેકફાસ્ટ, લંચ અને ડિનર
• બીજાની જેમ કોઇ એપાર્ટમેન્ટમાં ભોજનની વ્યવસ્થા અમે રાખતા નથી.
• નોર્ધન લાઇટસની અવિસ્મણીય રાત્રી ટૂર
• અકુરેરીયામાં ૨ રાત્રીનો મુકામ જયાંથી નોર્થન લાઇટસનો નજારો જોવા મળે
• વિશાળ વ્હેલને નિહાળવાનો અદ્‌ભૂત દ્રશ્ય • મોનસ્ટર ટ્રકમાં બરફની ગુફામાં મુસાફરી
• સુપર જીપ દ્વારા દિલવાલે મુવીનું ગેરૂઆ ગીતનું શુટીંગ જયાં થયું છે એવી પ્લેનવ્રિકની વિઝિટ
• બ્લુ લગુન થર્મલ પુલમાં એન્ટ્રી • ગ્લેશીઅર લગુનમાં ક્રુઝ
• બ્લેક બિચની મુલાકાત • ક્રિષ્ટલ બિચ ઉપર ફોટો શુટ
• આઇસલેન્ડનું લોકલ સીમ કાર્ડ • બસમાં અમર્યાદિત વાય-ફાય
• વર્ષ ૨૦૧૫ થી આઇસલેન્ડની સગવડતા-સુવિધા-સફળતા સાથેની ભારતની એકમાત્ર ટુર્સ
સૌ પ્રથમવાર
આઇસલેન્ડની ટુર્સ
અમારા દ્વારા શરૂ કરવામાં આવેલ,
જેને હવે બીજા લોકો
follow કરે છે.
facebook
Urvi Tours
INSPIRED BY ICELAND
આખી ટુર દરમ્યાન
લોકલ આઇસલેન્ડ ગાઇડ
અને
ઉર્વી ટુર્સના ઓનર
હાર્દિક મહેતા પોતે જ
ન કે કોઇ ટુર મેનેજર
વધુ વિગત માટે આવો
ઉર્વી ટુર્સની ઓફિસમાં
જયાં તમને લાઇવ પ્રેઝેન્ટેશન દ્વારા
આઇસલેન્ડની મુસાફરી હોમ થિયેટરમાં
કરાવવામાં આવશે.
BLUE LAGOON
ICELAND
URVI TOURS
where U s V meet to create memories...
1, Palm View, Lakhamshi Napoo Road,
After Swami Narayan Temple,
Opp. Vidyalankar Class, Dadar (E), Mumbai - 14
Email : info@urvitours.com
Web : www.urvitours.com
022-2413 2281 / 2282
022-2413 2283
09892720353
આઇસલેન્ડમાં વર્ષ ૨૦૧૫થી
KITCHEN CARAVAN
સાથે ઉપડનાર એક માત્ર ઉર્વી ટુર્સ
BINITA SATISH MARU : 98690 34162


Turkey
EFES
Türkiye
૧૦ રાત્રી / ૧૧ દિવસ
ઈસ્તાનબુલ, કાપ્પાડોસીયા, અંટાલિયા, પામુકાલે, કુસાદાસી
• વર્લ્ડ ક્લાસ ટર્કીશ એરલાઈન્સ દ્વારા સફારી, જે ડાયરેક્ટ ટર્કી ૭ કલાક્માં પહોંચાડે છે, ના કે કોઈ વાયા ફ્લાઈટ દ્વારા
• આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ બ્રેકફાસ્ટ, લંચ, ડીનર આપણા ઉતારાની હોટેલના બેંક્વેટ હોલમાં જ.
• બધી ૪/૫ સ્ટાર હોટલમાં ઉતારો
• ઈસ્તાનબુલમાં ૫ સ્ટાર હોટલ સીટી સેન્ટરમાં ઉતારો
• કાપ્પાડોસીયામાં ૫ સ્ટાર ગુફાવાળી હોટલમાં ઉતારો
ટુર કોસ્ટમાં સામેલ
• કાપ્પાડોસીયામાં હોટ એર બલુન • ટર્કીશ નાઈટ શો
• ટનલ એક્વેરીયમ • સ્ટીમ્યુલેટેડ હેલિકોપ્ટર રાઈડ
• ઈન્ટરનલ ૨ ડોમેસ્ટીક ફલાઈટ
• એરપોર્ટ અને હોટેલમાં પોર્ટેજ સર્વિસીસ
• અમર્યાદિત બીસલેરી પાણી ટુર દરમ્યાન (બસ + હોટલ રૂમ)
• ઈન્સ્યોરન્સ • લોકલ ગાઈડ અને ડ્રાઈવર બંનેની ટીપ્સ
• ભારતીય ટુર મેનેજર અને રસોઈયાઓ બંનેની ટીપ્સ
Departure :
October 26* • November 2,6,10, 16
1, Palm View, Lakhamshi Napoo Rd., After Swami Narayan Temple, Opp. Vidyalankar Class, Dadar (E), Mumbai, INDIA.
URVI TOURS
where 'U' & 'V' meet to create memories...
022-2413 2281 | 022-2413 2283
022-2413 2282 | 09892720353
info@urvitours.com / www.urvitours.com
For more details & videos, review visit
facebook
Urvi Tours
BINITA SATISH MARU : 98690 34162

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Office : Room No. 2, B Wing, Ground Floor, Krishnakunj, Valji Ladha Road, Mulund (W), Mumbai - 400 080.
Mobile: 97699 91922 • E-mail : mahajansamast@gmail.com • website www.kdosamastamahajan.org

## સમસ્ત મહાજનના ચતુર્થ સંમેલન (તા.૨૩ થી ૨૫ ડિસે. ૨૦૧૮) બાબત જ્ઞાતિના મહાજનો એવં જ્ઞાતિજનો જોગ.

જ્ઞાતિનું ચતુર્થ સંમેલન ક.દ.ઓ.જૈન મહાજન, નલિયાના યજમાન પદે કચ્છ નલિયામાં ૨૩થી ૨૫ ડિસે. ૨૦૧૮ના યોજવાનું નક્કી થયેલ છે. સંમેલન સાથે યુવા એવં મહિલાઓનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન પણ યોજાશે. સંમેલનમાં ૮૦૦, યુવામાં ૩૦૦ અને મહિલામાં ૩૦૦ મળીને કુલ ૧૪૦૦ પ્રતિનિધિઓ હાજર રહેશે. તે સાથે આમંત્રિતો પણ પધારશે.

૧) દરેક મહાજનને પોતાના વિભાગના પ્રતિનિધિઓ નીમીને સમસ્ત મહાજનને જણાવવાનું કહેવામાં આવેલ. પ્રતિનિધિ નીમીને ન જણાવ્યું હોય તો તુરંત વિગત સહિત જણાવશો. અને પ્રતિનિધિને તા.૨૨ ડિસે. ૨૦૧૮ના ભુજ અથવા ગાંધીધામ સ્ટેશને પહોંચવા તાકીદ કરશો. ત્યાંથી વાહન દ્વારા નલિયા જવાનું થશે. રજીસ્ટ્રેશન કરાવીને તેમને ફાળવેલ સ્થળે મુકી આવશે. રોજ દરેકને નલિયા તેડી લાવવા તેમજ રાતના ઉતારા સ્થળે મૂકી આવવાની વાહન વ્યવસ્થા રહેશે. ૨) સંમેલનમાં આપના મહાજનશ્રીને જ્ઞાતિને લગતી સમસ્યાઓ અંગે ચર્ચા થાય, ઠરાવ થાય, તે બાબતે રજુઆત કરવાની હોય તો વિગતે જણાવશો. જ્ઞાતિજનો પણ પોતાના વિચારો જણાવી શકે છે. આ બધા સુઝાવ ૩૧-૧૦-૨૦૧૮ સુધી મળી જવા જોઈશે. ૩) આપના ગામમાં રહેતા કોઈ જ્ઞાતિજને શિક્ષણ, વ્યવસાય, સામાજિક, ખેલકૂદ, વ્યવસાયિક સંસ્થાઓમાં સેવાક્ષેત્રે, રાજકારણ, વગેરેમાં રાજયસ્તરે/રાષ્ટ્રીય સ્તરે કીર્તિમાન હાંસલ કરેલ હોય તેમની સંપૂર્ણ વિગત ફોટો, ફોન નં. સાથે મોકલશો. જેમના નામ બહુમાન માટે નક્કી થશે તેમને સમયસર જણાવવા આ વિગતો ૩૧-૧૦-૨૦૧૮ સુધી મોકલશો. ૪) જ્ઞાતિના ડોક્ટર/હેલ્થકેર કાર્યકરોની ડિરેક્ટરી તૈયાર થઈ રહી છે. આપના ગામમાં કોઈ હોય તો પુરું નામ/ડીગ્રી/સ્પેશીયાલીટી/હોસ્પિટલનું નામ/ઈમેલ/મો.નં. સહિત જણાવશો. ૫) આપના ગામમાં રહેતા કોઈ ડોકટર સંમેલન સ્થળે સેવા આપવા પાંચ દિવસ હાજર રહીને કામ સંભાળવા તૈયાર હોય તો તેમની વિગત જણાવશો. ૬) તા.૨૧-૧૦-૨૦૧૮ના નલિયા મુકામે સમસ્ત મહાજન ટ્રસ્ટ બોર્ડની મળનારી સભામાં સંમેલનની સર્વે સમિતિઓનું ગઠન પૂર્ણ કરવામાં આવશે.



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.

## જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, અધિકારીઓ, કર્મચારીઓના સર્વે દાતાઓ, શુભેચ્છકો, સહકારીઓ, જ્ઞાતિ બંધુઓ તથા સભ્યોને હાર્દિક મિચ્છામિ દુક્કડમ્. કચ્છમાં આ વર્ષે ચોમાસુ નિષ્ફળ ગયું. અબડાસામાં વરસાદ થયો જ નહીં. દુષ્કાળના એંધાણ છે. ખૂબ વિકટ સ્થિતિ સર્જાઇ છે. સીમ સુક્કી ભઠ્ઠ છે, તળાવ કુવામાં પાણી નથી. ઘાસચારો દૂર ગુજરાત, મહારાષ્ટ્ર થી મંગાવવો પડે છે જે ખર્ચાળ છે, પણ ઇલાજ નથી.

સરકાર તરફથી ઘાસની વ્યવસ્થા થઇ રહી છે પરંતુ સમય લાગશે. હાલમાં પાણી પુરવઠો પાઇપલાઇન મારફત ચાલુ છે. કેટલો સમય સુધી મળશે સવાલ છે. જખૌ પાંજરાપોળમાં હાલ ૨૧૯ ઢોર આશ્રય લઇ રહ્યા છે. જીવદયા પ્રેમી દાતાઓ ઢોરોના નિભાવ માટે ઉદાર સહાય વહાવશે એ વિશ્વાસ છે.

નીચે પ્રમાણે દાતાઓ દ્વારા ઉદાર દાન મળેલ છે. **વાર્ષિક સહાયતા યોજના :** દાતા નં. ૮૧) રૂા. ૧૨,૦૦૦/- **શ્રી ભાવિક શશીકાંત નાગડા,** જખૌ રાયપુર. **ભેટ/સહાય :** ૧) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી હંસાબેન ભુપેન્દ્ર ભેદા, વારાપધર, હાલ માટુંગા, મુંબઇ, ૨) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી ભુપેન્દ્ર મેઘજી ભેદા, વારાપધર, હાલ માટુંગા, મુંબઇ (પરિવાર દ્વારા રૂા. ૧,૦૦,૦૦૦ + રૂા. ૧,૦૦,૦૦૦/- કુલ રૂા. ૨,૦૦,૦૦૦), ૩) રૂા. ૫૭,૦૦૦/- માતુશ્રી ચંદ્રકલા ભરત ત્રિકમજી મૈશેરીની પૂણ્યસ્મૃતિમાં (રૂા. ૫૧,૦૦૦/- જીતેન ભરત મૈશેરી, રૂા. ૬૦૦૦/- હસ્તે અ.સૌ. હેમલ જીતેન ભરત મૈશેરી અને અ.સૌ. સ્નેહા જીગર ભરત મૈશેરી), ૪) રૂા. ૨૫,૦૦૦/- શ્રી નેણશી રતનશી નાગડા સમસ્ત પરિવાર હ. હીરબાઇ રામજી ડાગા, વરાડીયા, હાલ મુલુંડ, મુંબઇ, ૫) રૂા. ૮૦૦૦/- શ્રી ભાવિક શશીકાંત નાગડા (રૂા. ૧૨,૦૦૦ + રૂા. ૮,૦૦૦ કુલ રૂા. ૨૦,૦૦૦/-), ૬) રૂા. ૫,૦૦૦/- હરીયા ભાવિક મંડળ, બાડા, ૭) રૂા. ૩,૦૦૦/- માતુશ્રી પુરબાઇ શામજી મોમાયા, સાયરા, હાલ ડોંબિવલી, ૮) રૂા. ૨,૫૦૦/- માતુશ્રી વેલબાઇ વેલજી ધનજી સૂરા ગાલા, કાંડાગરાવાલાની પુણ્યતિથી નિમિત્તે. **ભેટ :** નીરી જુવાર મણ ૬૬, શ્રી મનજી નારાણ કારા, નાંગલપુર, હાલ કેન્યા, આફ્રિકા, હ. મગનભાઇ, માંડવી, કચ્છ, ૨) ઘાસ ગાંસડી ૨૦, ભાડા સાથે સંત શ્રી વાલરામજી ગૌશાળા પાંજરાપોળ, રાતાતળાવ, કચ્છ.

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.** **સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name : Sri Jakhau Panjrapol Trust & Gaushala**

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West, Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch, Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું ઍકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**



**સ્પષ્ટતા :** દસેક વર્ષ પહેલાં ૨૩ ફેબ્રુવારી ૨૦૦૮ના 'સમસ્ત મહાજન'ના ઉપક્રમે મુખ્ય જ્ઞાતિ, શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિમાં શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન નાની ન્યાતનું વિલીનીકરણ કરવાનો સર્વાનુમતે ઐતિહાસિક નિર્ણય લેવાયો હતો તે અંગે યોજાયેલા સંયુક્ત અધિવેશનમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. જ્ઞાતિ અગ્રણીઓ અને મહાજનોના પ્રતિનિધિઓએ તે નિમિતે અન્યોન્યને ઉત્સાહભેર વધામણાં આપ્યા હતા. એટલે આ અધિવેશનમાં બંને જ્ઞાતિઓનું 'એકીકરણ' થયું હતું તે વિધાન ઐતિહાસિક તથ્યની દૃષ્ટિએ બરાબર નથી તે બાબતે કેટલાક અગ્રણીઓ દ્વારા અમારૂં ધ્યાન દોરવામાં આવ્યું છે, તેથી આ સ્પષ્ટતા કરીએ છીએ. આ નિમિતે જે 'સ્મૃતિ ચિન્હ' તૈયાર કરાયેલ તેની છબી અત્રે પ્રગટ કરી છે.


**જય માતાજી** — **મિચ્છામિ દુક્કડમ્** — **જય માતાજી**

## શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડિયાની ચૌદમી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ''નેહ નીતરતું નિમંત્રણ''

**આપણા કુળદેવી શ્રી સચ્ચામાતાના સાદને ઉરના ઉમંગથી વધાવવા... સમસ્ત હાલારના દંડ પરિવારના ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓને સહપરિવાર પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભીનું આમંત્રણ છે.**

**શુભદિવસ**
રવિવાર, તા. ૦૬-૦૧-૨૦૧૯
સમય : સવારે ૮.૩૦ થી સાંજે ૮.૩૦ સુધી

**શુભ સ્થળ : મેવાડ કેસરી ભવન**
લાખી હાઉસ, બીજે માળે, ભાંડુપ પોલીસ ચોકીની બાજુમાં
એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૭૮.

**સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનનો મોંઘેરો લાભ લેનાર પરિવાર**
**માતુશ્રી દેવાબાઈ ખીમજી લધાભાઈ દંડ** (સેવક ભરૂડિયા)
**માતુશ્રી રાજબાઈ શામજી જીવરાજ નાગડા** (રંગપુર)
હસ્તે : **અ.સૌ. હંસા ધનકુમાર ખીમજી દંડ**
**અ.સૌ. શિલ્પા વિકાસ ધનકુમાર દંડ** — **અ.સૌ. મનિષા નિલેશ ધનકુમાર દંડ**
**ચિ. લય વિકાસ દંડ** — **ચિ. જીનય નિલેશ દંડ**

કુળદેવી શ્રી સચ્ચામાની વરસી રહેલી અસીમ કૃપા તેમજ કુટુંબીજનો તથા નિયાણી બહેન દિકરીઓના સાથ સહકારથી ''**ચૌદમી સમૂહ પહેડી**'' તથા ''**સ્નેહમિલન**''નું મંગલકારી ભવ્યથી ભવ્ય પ્રસંગ આપણે શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર સાથે ભક્તિ ભાવ અને આનંદ ઉલ્લાસથી ઉજવીશું. આ શુભ પ્રસંગે નેહા શૈલેષ ગડા અને સાથી કલાકારો ભક્તિ સંગીત અને રાસ-ગરબાની રમઝટ જમાવશે.

આ પ્રસંગે કોઈપણ ભાવિકોને વ્યક્તિગત કે સમૂહમા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવો હોય તો તેમણે તા. ૨૫-૧૨-૨૦૧૮ પહેલા સંપૂર્ણ વિગત સાથે કાર્યકરોને જાણ કરવા વિનંતી.

**❖ કારોબારી સભ્ય ❖**

મનોજ કુંવરજી દંડ (પ્રમુખ) - 09821334417 મયુર સુરેશ દંડ (ઉપપ્રમુખ) - 09819663555 અમિત ગિરીશ દંડ (માનદમંત્રી) - 09987557598
પંકજ પ્રવીણ દંડ (સહમાનંદમંત્રી) - 09004841222 ચેતન પ્રવીણ દંડ (સહમાનદમંત્રી) - 09821350952
નિલેશ ધનકુમાર દંડ (ખજાનચી) - 09821402770 મયુર વિનોદ દંડ (સહખજાનચી) - 09619666111

**એજ લિ. શ્રી સચ્ચામા દંડ પરિવાર**

**નોંધ :** જે ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓના સરનામાં તથા ફોન નંબર બદલાયા હોય અથવા આમંત્રણ પત્રિકા ન મળતી હોય તો તેમણે કાર્યકરોને જાણ કરવા વિનંતી છે.

**શ્રી સચ્ચામા દંડ પરિવારના જય માતાજી**

## વૈવાહિક - અભિયાન (લગ્નોત્સુક) કાશ્મીરાબેન લુઠીયા - ચેમ્બુર/ચેન્નાઈ



તેઓ કહે છે જ્ઞાતિના યુવકો ને યુવતિઓ જ્ઞાતિમાં જ પરણે એ હેતુથી મેં પણ મારો નમ્ર પ્રયાસ છેલ્લા કેટલાક વર્ષોથી આદર્યો છે.




તેમના દ્વારા શરૂ થયેલ વૈવાહિક અભિયાન આપણી જ્ઞાતિની તાતી જરૂરિયાત છે અને વર્ષો વર્ષ આ વાત એગ્રેસર થતી જાય છે. તેમના પરિચિત પરિવારો અને મિત્રોને તેમના બાળકોની જરૂરી વિગતો અને જેઓ લગ્નોત્સુક હોય તેમના ફોટા મોકલવા તેમણે વિનંતી કરી છે. હાલ સુધી આપણે છોકરા-છોકરી ગોતવા હંમેશા મોઢા મોઢ વિનંતી કરતા હતા. હવે તમે સંપૂર્ણ નાતમાં તપાસ કરો છો. બધા એકબીજાને સહકાર આપે એ જ્ઞાતિ માટે ઉપકારક છે.

● વાલીઓ કે યુવાનોમાં આ બાબતે કોઈ ખચકાટ કે આનાકાની ન હોવા જોઈએ. આ એક નિયમિત વાતચીતની પ્રથા હોવી જોઈએ. આથી સૌ બહોળી પસંદગી મળી રહેશે.

● ચેન્નઈના શ્રી પ્રવિણ ડાઘાના મંતવ્ય સાથે હું પણ સહમત થાઉં છું કે બીજા જૈનો સાથે પણ આ માહિતીના આદાન-પ્રદાનની વ્યવસ્થીત યોજના કરવી. મને ખુશી છે કોઈમ્બતૂર મહાજને પહેલ કરીને માહિતી ભેગી કરી પ્રકાશ સમીક્ષાને મોકલાવી છે. આમાંથી ધડો લે તો બધા મહાજનો દ્વારા તેમના સભ્યોની બહેતર સેવા થાય. આનંદની વાત છે કે હરરોજ ૪ થી ૫ લગ્નસબંધી ડેટા પ્રકાશ સમીક્ષામાં મળે છે. એવીજ રીતે જલગામ, પૂના વગેરે શહેરોમાં પણ અદ્યતન સગવડો છે, નહિ કે ફક્ત મુંબઈમાં જ છે. આવી સરખામણી આપણા યુવાનોને બીજા શહેરોમાં લગ્ન કરવા ઉત્તેજન આપશે.

● યુવક/યુવતિઓ આપણા વૈવાહિક સંમેલનોમાં જતા અચકાય છે. કેટલાકને એમ લાગે છે કે આપણા સગપણ-સેતુ ફક્ત જેમને સાથી નહિ મળતા હોય તેમને માટે જ છે.

● હવે તો ૧૦-૧૨ વર્ષની વયના છોકરાઓ પણ ગર્લ-ફ્રેન્ડ/બૉય-ફ્રેન્ડના દ્રષ્ટિકોણથી વાતો કરે છે અને સ્કુલોમાં આ સહજ થઈ ગયું છે ને હવે આપણે ૨૦/૨૫ ની ઉમરે તેમને વૈવાહિક સંમેલનોમાં મુકીએ તો લગભગ તેમાં ભાગ નહિ લે. આપણે જરા નાની ઉમરે આ બધું કરવું જરૂરી છે, નહિ તો બહુ મોડું થઈ જશે.

● ઉપરાંત આજકાલ મા-બાપ અને સગાંઓની સ્વીકૃતિથી પણ આંતરજ્ઞાતિ લગ્નો થઈ રહ્યા છે. સારો જીવનસાથી મળવો જરૂરી છે પછી ભલે ક.વિ.ઓ. હોય કે પછી ગુજરાતી જૈન, મારવાડી જૈન બધાજ ક.દ.ઓ.માં સ્વીકૃત થઈ ગયા છે. વાલીઓ એમની જ્ઞાતિમાંથી જોઈ રહ્યા છે એ ખરૂં. અરે ગુજરાતી બ્રાહ્મણ-પટેલ વગેરે પણ એરેન્જ મેરેજ માટે સ્વીકૃત થઈ ગયા છે.

● સિક્કાની બીજી બાજુ પણ હોય છે. એક KDO ગ્રુપમાં યુવાનો ઉત્સાહી નહોતા પણ NON-KDO માં જે લગ્ન થયા હતા તેઓ વધુ ઉત્સુક હતા જાણે તેમને લાગતુ હોય કે KDO બહેતર જ્ઞાતી છે અથવા KDO માં હળશું-મળશું નહિ તો નાતો ગુમાવશું.

● આ બધા વાસ્તવિક તથ્ય છે આપણે એ વિષે વિચારીએ.

## વૈવાહિક ઉપક્રમ વિશે : શ્રી ઉમેશ વીરચંદ ધરમશી, ટાટા હાઉસીંગ, મુંબઈના Asst. V.P.



વૈવાહિક (લગ્નોત્સુક) ઉપક્રમ પ્રકાશ સમીક્ષામાં કાશ્મીરાબેન દ્વારા એ એક સારો વિચાર છે. એ અંગે શ્રી ઉમેશ ધરમશી દ્વારા કેટલાક સૂચન :

● આપણે હંમેશ ૨૨/૨૬ વય જુથના યુવાનો/યુવતીના વાલીઓને મળીએ છીએ. આ ઉમરે યુવાનો NON-KDO સાથે હળી-ભળી ગયા હોય છે, તેથી કહે છે લગ્ન માટે તૈયાર નથી. પછી અચાનક ૨/૩ વર્ષ પછી કહે છે તેઓને NON-KDO માં ઈચ્છા છે. ઘણી વાર વાલીઓને પણ તે બાબત ખબર હોય છે. તેમનો વાંક નથી, તેમને લાગે છે લગ્ન ગોઠવવા મુશ્કેલ છે અને યુવાનોએ જાતે જ સાથી ગોતી લીધેલ છે આથી જીવનમાં સહેલું થઈ જાય છે.

● મુંબઈના યુવક-યુવતિ મુંબઈના યુવક-યુવતિ સાથે જ લગ્ન કરવા પસંદ કરે છે. તેમની સમજ છે કે બીજા શહેરોની રહેણી કરણીનું સ્તર મુંબઈ જેવું નથી.

આપણે બીજે જ્યાં KDO વસતા હોય ત્યાંનો ચિતાર આપવો જોઈએ અને બધી સગવડો ત્યાં મળી રહે છે તેની સરખામણી કરી આપવી.

મુંબઈ બરોડા વગેરે મોટા શહેરો સિવાય પણ આપણા ક.દ.ઓ. હુબલી, ગદગ, જલગામ, ધુલિયા વગેરે શહરોમાં વસે છે. જેમ કે હુબલી એક બહુ સરસ શહેર છે અને ત્યાં ઘણી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ છે. ઉપરાંત IT પાર્ક, મૉલ, મલ્ટીપ્લેક્ષ - 3/4 સ્ક્રીન સાથેના છે જે મુંબઈ જેવી ગુણવતાના છે શ્રેષ્ઠ ઉચ્ચ અભ્યાસની સંસ્થાઓ છે.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

# પર્યુષણ પર્વમાં ઠેર ઠેર ઉલ્લાસભેર તપ-આરાધના-ઉજવણીઓ થઇ

## મોટી સિંધોડી પર્યુષણ પર્વ ઉજવણી

આ વર્ષે મુંબઇથી ૩૫ ભાઇ-બહેનો, પર્યુષણ મહાપર્વ ઉજવવા મોટી સિંધોડી ગામે આવેલ હતા. આ વર્ષે આર્યરક્ષિત જૈન વિદ્યાપીઠ તરફથી બે બહેનો આરાધના કરાવવા મોટી સિંધોડી ગામે આવેલ હતા. પર્યુષણ મહાપર્વ દરમ્યાન પોથી (કલ્પસુત્ર) પધરાવવાનો લાભ કસ્તુરીબેન માડણભાઇ મૈશેરી પરિવાર (હસ્તે રમેશભાઇ મૈશેરી)એ જ્યારે પ્રભુજીનું પારણું પધરાવવાનો લાભ નવલબેન સોમચંદભાઇ મૈશેરી પરિવારે લીધો હતો. સ્વપ્ના મહોત્સવમાં ૧૪ સ્વપ્નાનું ઘૃતકુલ ૫૪ હજાર મણ થી વધારે થયું હતું. પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના કરવા માટે સંસ્થાના ચેરમેન મુકેશભાઇ લોડાયા, મેનેજીંગ ટ્રસ્ટી તિલકભાઇ લોડાયા અન્ય ટ્રસ્ટીઓ સર્વ ચીમનભાઇ લોડાયા, દિનેશભાઇ મૈશેરી, મુલચંદભાઇ મૈશેરી, સંઘના પ્રમુખ હર્ષાબેન લોડાયા, ઉપપ્રમુખ ભરતભાઇ લોડાયા, કારોબારી સભ્ય વિણાબેન મોતા અને મેહુલભાઇ મૈશેરી વગેરે મહાનુભાવો સિંધોડી ગામે પધારેલ હતા. વ્યવસ્થા જાળવવા તારાચંદભાઇ મૈશેરી, મેહુલભાઇ ધરમશી અને લલીતભાઇ મોમાયા વગેરે મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. પર્વ દરમ્યાન તમામ આરાધનાઓ સુંદર રીતે સંપન્ન થઇ હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ

પર્યુષણ પર્વ દર વર્ષની મહાજનશ્રીના નેજા હેઠળ રૂડી રીતે ઉજવાયેલ. મુંબઇથી આરાધના કરાવવા શ્રીમતી પુષ્પાબેન નાગડા તથા કુમારી કાજલ મૈશેરી પધાર્યા હતા. આ વર્ષે મુંબઇથી સંગીતકાર રિધ્ધિ આર્ટના શ્રી પ્રવિણભાઇ હરીયા તેમની મંડળી સાથે પધારેલ તથા ભક્તિ ભાવનામાં સારી એવી રમઝટ જમાવેલ. શ્રી કલ્પસુત્ર મણ ૨૦૧૨માં શ્રી પૂણ્યગુણ સમૂહ સામાઇક મંડળે પધરાવેલ ૯-૯-૨૦૧૮ના શ્રી પાર્શ્વ કચ્છી યુવા મંડળે સ્નાત્રપૂજા ભણાવેલ. પ્રભાવના તથા સાધર્મિક ભક્તિને લાભ લીધેલ. સ્વપ્નાનું કુલ ઘી મણ ૧૩૬૦૧૧ થયેલ. પારણ શ્રીમતી જવેરબાઇ સોમચંદ ખોના પરીવારે મણ ૧૧૧૧૧માં પધરાવેલ. મહાજનશ્રી તરફથી સાંજી આપવામાં આવેલ આ વર્ષે ૮ ઉપવાસવાળા ૬ જણ હતા. બારસા સુત્રનું વાંચન મુંબઇથી પધારેલ શ્રી ચિરાગભાઇ સંગોઇએ કરી સુત્રનો અર્થ સમજાવેલ. ભાદરવા સુદ છઠના સન્માન તથા સામુહિક ક્ષમાપના કરેલ. શેઠશ્રી નરશીનાથાની છબીને ફૂલનો હાર પહેરાવાનો ચઢાવો રૂા. ૩૩૩૩/-માં જીવન સંધ્યાએ લીધેલ કાર્યક્રમ બાદ સ્વામી વાત્સલ્ય જમણ રાખવામાં આવેલ. આ વર્ષે ચૈત્ય પરિપાટી રૂપે જાન્યુઆરી મહિનામાં શ્રી મહાજનશ્રી દ્વારા શ્રી સમેત શીખરજીની યાત્રા કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ

શ્રી વરાડીયા નગરે પૂ. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયજીએ શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના સકળ શ્રી સંઘના અંદાજે ૪૫ જણાઓએ હર્ષોલ્લાસથી રીતે ઉજવેલ. બેંગલોરવાસી ભાઇશ્રી કીર્તીકુમાર નેણશી લાલજી મોમાયાએ ખૂબજ સુંદર સરલ અને રૂડી રીતે આરાધના કરાવી. તપસ્યામાં જાણ ૫ ની અઠ્ઠાઇ, ૧ છઠ્ઠ -અઠ્ઠમ તથા ૨૦/૨૨ જાણના રોજના એકાસણા તપ ચાલુ હતા તે જોતા આવા સંઘમાં તપસ્યા પણ સાથ થઇ. શ્રી કલ્પસુત્ર મણ ૬૬૬ માં શ્રી કીરીટભાઇ ધનજી મોમાયા તથા શ્રી મહાવીર સ્વામી ભગવાનનું પારણું મણ ૧૧૧૧, શ્રી પદમભાઇ લાલજી લોડાયાએ ઘરે પધરાવવાનો લાભ લીધેલ. મહાપર્વ બાદ ભાદરવા સુદ ૭ના શ્રી સંઘના જણ ૩૦, શ્રી જિનાલયજીઓને જુહારવા તથા ગુરૂભગવંતોને વંદવા દાતાશ્રીના અનુદાનથી ચૈત્ય પરિપાટી કરેલ.

શ્રી પર્યુષણ પર્વ દરમ્યાન આખા દિવસના સાધર્મિક ભક્તિનો અનુક્રમે લાભ નીચે મુજબના દાતાશ્રીઓએ લીધેલ. ૧) માતુશ્રી લીલાવંતી ધનજી નરશી મોમાયા, ૨) માતુશ્રી વાલબાઇ શામજી હીરજી મોમાયા, ૩) માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ રતનશી મોમાયા, ૪) કુ. કીયા દર્શન દીપક ડાઘા, ૫) સૌ. મધુબાલા લહેરચંદ રતનશી ડાઘા, ૬) સ્વ. ડૉ. સોમચંદ કાનજી ટોકરશી મોમાયા, ૭) શ્રી નીતીન પદમશી નારાણજી ડાઘા, ૮) માતુશ્રી કસ્તુરીબાઇ હંસરાજ પરબત ડાઘા, ૯) માતુશ્રી ગંગાબાઇ નરશી જેઠાભાઇ દંડ

## કોઠારામાં ઘેર ઘેર જઈ ક્ષમાપના મંગાઈ

શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા આજે પણ વર્ષો પુરાણી પરંપરા જાળવી રાખવામાં આવી છે. પર્યુષણ મહાપર્વ પૂરા થતાં છઠ્ઠનાં દિવસે મંડળનાં કાર્યકરોએ મિચ્છામિ દુક્કડમ્ કરવા, વેર-ઝેરની ભાવના ત્યજી સમાજના દરેક પરિવારોનાં ઘરે જઈ ક્ષમાયાચના પાઠવી હતી. વેરનું વિસર્જન કરી પ્રેમનું સર્જન કરવાનાં ભાવ વ્યક્ત

કરાયા હતા. શ્રી રાયચંદ લોડાયા, વિરચંદ ધરમશી, દિનેશ અજાણી, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, મહેન્દ્ર લોડાયા, દિનેશ મોતા, મયુર નાગડા, મણીલાલ છેડા, પ્રદિપ મુનવર, શાંતિલાલ ધરમશી, દેવેન્દ્ર જીવાણી તથા સર્વે કાર્યકરો અને ભાઈ-બહેનો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

### તિરપુર નગરે પૂ. મહારાજ સાહેબોનો પ્રવેશ

શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં પયુર્ષણ પર્વની આરાધના માટે પૂ. ગુરુવર્ય હેમપ્રભાશ્રીજી મ.સા. ની સુશિષ્યા પ.પૂ. શ્રી પ્રમુદિતાશ્રીજી મ.સા. તથા પૂ. શ્રી મનનપ્રિયાશ્રીજી મ.સા. આદિ થાણા ૨, તા. ૦૫.૦૯.૨૦૧૮ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જીનાલયથી પધારેલ. પ્રવેશ પ્રસંગે બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ.

### ખંડવા તપાગચ્છ દેરાસર

આ વર્ષે પર્યુષણ મહાપર્વ ખંડવા તપાગચ્છ દેરાસર ચાતુર્માસમાં વિરાજીત પૂ. અમિતગુણાશ્રીજી મ.સા. આ. ઠા. ૬ની શુભનિશ્રા માં ક.દ.ઓ. ઉપાશ્રયમાં સમ્પન્ન થયેલ. કલ્પસુત્રનો લાભ - લક્ષ્મીચંદ વીશનજી ધરમશી, બીજાપુર હસ્તે નીરજ નાગડા લિધેલ. પારણાજી - સૌ. ધીરા કેયુર શિયાડ હસ્તે ચેતન નાગડા પરિવાર પધારેલ. તપસ્યા! અઠ્ઠાઈ - પાર્થ નીરજ નાગડા ૧૨ વર્ષ, વિવેક નિરંજન લોડાયા, મિનાલી અનિલ સાયલા, કેવલી અનિલ સાયલા, રીટા ચેતન નાગડા કરેલ. ચોથના દિવસે સકલ સંઘ તપસ્વીયોની સાંજી કરવામાં આવી. છઠના દિવસે શેઠ શ્રી નરશી નાથાના ફોટા ઉપર પુષ્પહાર અર્પણ કરી સામુહિક ક્ષમાપના કરવામાં આવી. આઠમના દિવસે અચલગચ્છ અધિષ્ઠાયિકા મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવી.

### શ્રી હુબલી નગરે પર્યુષણ પર્વની ઉજવણી

શ્રી હુબલી નગરે તિર્થાધીપતી શ્રી અજીતનાથ દાદાના દરબારે પર્યુષણ પર્વની ઉજવણી પરિપૂર્ણ થયેલ છે. આરાધના કરાવવા મુખ્ય વિધિકાર શ્રી ધર્મેશભાઈ દેઢીયા તેમજ શ્રી હર્ષભાઈ મોતા પધાર્યા હતા. પર્વ દરમ્યાન કલ્પસુત્ર ઘૃત મણ ૨૫૧ માં શાહ શામજી પુંજાભાઈ મૈશેરી - વારાપધર/કોઠારાવાળાએ પધરાવેલ. ૧૪ સ્વપ્નાનું કુલ ઘૃત મણ ૫,૭૦,૦૦ મણ થયેલ. અન્ય ઘૃતની ઊછામણીઓ પણ સારી થઈ હતી. બીજની ભવ્ય આંગી ભણાવવાનો લ્હાવો શ્રી પ્રતાપભાઈ માણેકજી નાગડા પરિવાર, પ્રભુજીનું પારણું પધરાવવાનો લ્હાવો શ્રી વિજયભાઈ ઊમરશી છેડા પરિવાર, છઠના દ્વાર ઉદઘાટન નો લાભ શ્રી મહાવીર સોશિયલ ગ્રુપ, શ્રી દામજી જાદવજી છેડા પરિવાર તથા શ્રી મણીલાલ હંસરાજ મૈશેરી પરિવાર લીધેલ. અક્ષયનિધી તપની પોથી પધરાવવાનો લાભ કુ. જિનલબેન મેહુલ સોનાવાલાએ લીધેલ.

કલ્પસુત્ર રથને પારણાના જાગરણમાં તેમજ દરરોજ રાતે આંગીરચના અને ભાવનામાં બહોળી સંખ્યામાં હાજરી રહી હતી. ધાર્મિક અંતાક્ષરીનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ. અઠ્ઠાઈ તપ કરનાર તપસ્વીઓ આ મુજબ હતા. ૧) શ્રી દિલીપભાઈ વેલજી દંડ, ૨) શ્રી સિધ્ધાર્થ હીરાચંદ મૈશેરી, ૩) શ્રી જય ભરત મોમાયા, ૪) સૌ. ચાંદની જય મોમાયા, ૫) કુમારી દિષ્ટી નિલેશ શાહ એ સિવાય અન્ય નાની મોટી તપસ્યાઓ સારા પ્રમાણમાં થઈ હતી. તપસ્વીઓને સામુહિક સાંજી આપી બહુમાન કરાયેલ. તપસ્વીઓને પારણા તથા નવકારશી શ્રી નારાણજી કાનજી નાગડા પરિવાર તરફથી, તેમજ સ્વામિવાત્સલ્ય જમણ શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી તરફથી રાખવામાં આવેલ.

શ્રી કાકુભાઈ (વીરચંદ શીવજી ખોના) તથા શ્રી દામજી જાદવજી છેડા શૈક્ષણિક ફંડ દ્વારા મેટ્રીક અને તેથી ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓને મોમેન્ટો તથા બહુમાન કવર દ્વારા શ્રીયુત પદમભાઈ નાગડા દંપતિ પરિવારના હસ્તે ઈનામો અપાયા હતા. સંચાલન શ્રી કેતનભાઈ મણિલાલ મૈશેરી તેમજ શ્રી જયેશભાઈ ખોનાએ કર્યું હતું. આરાધકોનું મહાજનશ્રી તરફથી બહુમાન કરવામાં આવેલ હતું.

### શ્રી પાર્શ્વ કુશલ જૈન સેવા ટ્રસ્ટ - તિરપુર

૩-૮-૨૦૧૮ ના સાધીકા અનુભવશ્રીજી મ.સા.ના જન્મ દિવસે ૧૦૮ સભ્યોએ તિરુપુર ખાતે પાર્શ્વનાથ દેરાસરમાં એકાસણાં કર્યા હતા અને કુમારપાલ રાજાની આરતી કરવામાં આવી હતી. અહિં ચાતુર્માસ આરાધના માટે ૬ સાધ્વીજીની નિશ્રા છે. આ પ્રસંગે ૫ થી ૧૫ વર્ષના બાળકો માટે ધાર્મિક વેશભૂષા હરિફાઈ રાખવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધેલ. વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા.

### શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા ''ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસ''

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સર્વોદય મંડળ-મુલુંડના નેજા હેઠળ ૨૫-૧૦-૨૦૧૮ થી ૨૭-૧૦-૨૦૧૮ સુધી ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસ - બલસાણા, પારોલા તથા દેવલાલી તીર્થોના દર્શનનું આયોજન કરવામાં આવેલ છે. મંડળ આયોજીત આ ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસમાં બહોળી સંખ્યામાં જોડાવા મુલુંડમાં વસતા ભાવિકોને ભાવભર્યું આમંત્રણ છે. આ યાત્રાની વધુ વિગતો

અને નામ નોંધાવવા મહેશ દંડ - **97692 60739** અને હિતેશ નાગડા - 98921 85205 નો સંપર્ક કરવા વિનંતી.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

કચ્છ એકમ દ્વારા ૧૪-૧૦-૨૦૧૮, રવિવાર ના કચ્છમાં વસતા આપણા સર્વે જ્ઞાતિજનો માટે ક્ષમાપના સ્નેહમિલન અને જ્ઞાતિના ઉભરતા તારલાઓને પ્રોત્સાહિત કરવા સરસ્વતી સન્માન કાર્યક્રમ (બૃહદ ગાંધીધામ વિસ્તાર સિવાય)નું આયોજન ગામ સાંયરા, તા. અબડાસા મધ્યે કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો સંપૂર્ણ લાભ માતુશ્રી દમયંતીબેન રતનશીભાઈ કુંવરજી લોડાયા પરિવાર સાંયરાવાલાએ લીધેલ છે. જેમાં સમસ્ત કચ્છમાં વસતા સર્વે જ્ઞાતિજનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. સર્વે વાલીઓને પોતાના બાળકોના રીઝલ્ટની કોપી ૩૦-૦૯-૨૦૧૮ સુધી કચ્છ એકમના કારોબારી સભ્યોને પહોંચતી કરવા વિનંતી.

## સમસ્ત મહાજન દ્વારા આયોજીત જ્ઞાતિનું ૪થું સંમેલન-નલીયા(કચ્છ)

નલીયા મહાજનના યજમાન પદે જ્ઞાતિનું ૪થું સંમેલન શેઠ ભવાનજી અરજણ ખીમજી નગર, કચ્છ નલીયા ખાતે ડીસે. ૨૩,૨૪ અને ૨૫, ૨૦૧૮ દરમ્યાન યોજવાનું નક્કી થયેલ છે. આ સંમેલનમાં આપણા વતનના સ્થાનિક મહાજન ઉપરાંત ભારતભરમાંના મહાજનોના ગામની વસતીના પ્રમાણમાં (દર દશ ઘર દીઠ પ્રતિનિધિ) નિમાયેલા પ્રતિનિધિઓ ભાગ લેશે. લગભગ ૮૦૦ પ્રતિનિધિઓ ત્રણ દિવસના સંમેલનમાં હાજર રહેશે. આ ઉપરાંત આ વર્ષે સંમેલનની સાથે ત્રણે દિવસ મહિલાઓનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન અને યુવાઓનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન નલીયા ખાતે સંમેલનના સ્થળની બાજુમાં બે જુદા જુદા ડોમ્સમાં યોજાશે. આ દરેક અધિવેશનમાં ૩૦૦ પ્રતિનિધિઓ હાજર રહેશે, જ્યાં તેઓને યોગ્ય માર્ગદર્શન સાથે ભવિષ્યની કામગીરી બાબત જવાબદારીઓ સોંપાશે.

પ્રથમ દિવસે સવારના અચલગચ્છાધિપતિ પૂ. આ ભાગવંત શ્રી ગુણોદયસાગર સુરિશ્વરજીના માંગલિક અને પ્રાસંગિક ઉદ્બોધનથી સંમેલનની શરૂઆત થશે. સંમેલન પ્રમુખ એવં સેક્રેટરી જનરલના આવકાર બાદ મુખ્ય અતિથી દ્વારા સંમેલનનું ઉદ્‌ઘાટન થશે. તેમજ તે સ્થળેથી મહિલા અને યુવા સંમેલનનું ઉદ્‌ઘાટન જાહેર થશે. મુખ્ય અતિથિના વ્યક્તવ્ય બાદ સંમેલનના દાતાઓનું અભિવાદન કરાશે. આ બેઠકમાં સંમેલનના પ્રતિનિધિઓ, આમંત્રિતો અને ગણમાન્ય અતિથિઓ હાજર રહેશે.

બપોરની બેઠકમાં સમસ્ત મહાજનને મહાજનો એવં જ્ઞાતિજનો દ્વારા આવેલ સુચનો તારવીને વિષય વિચારણી સમિતિએ આપેલ મુદ્દાઓ પર ચર્ચા કરવા ખરડા સમિતિ રજુઆત કરશે અને ચર્ચા બાદ ખરડા (ઠરાવ) પસાર કરાશે.

જ્ઞાતિજનો પહેલે દિવસે સવારના ઉદ્‌ઘાટન સમારંભમાં પ્રેષક ગેલેરીમાં હાજરી આપી શકશે. જે જ્ઞાતિજનો પધારે તેને પોતે રહેવાની વ્યવસ્થા કરવાની રહેશે. ભોજન વ્યવસ્થા સંમેલન સ્થળે હશે. બીજે દિવસે તેઓ પ્રેક્ષક ગેલેરીમાં હાજર રહી શકશે. ત્રીજે દિવસે સવારના નલીયા ગામમાં સંમેલનની શોભાયાત્રા ગામના રસ્તાઓ પર ફરીને સંમેલન સ્થળે પધારશે. શોભાયાત્રા પછી સંમેલનના આયોજક નલીયા મહાજન એવં સમસ્ત મહાજનનો બહુમાન કાર્યક્રમ યોજાશે. જ્ઞાતિના કીર્તિમાન હાંસલ કરેલ જ્ઞાતિજનોનું સન્માન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં જ્ઞાતિજનો હાજર રહી શકશે બપોરના ગત બે દિવસમાં સંમેલને પસાર કરેલ ઠરાવોની તથા અન્ય જાણકારીઓ આપવામાં આવશે.

રાતના સંસ્કૃતિક કાર્યક્રમ બાદ સંમેલનની પુર્ણાહુતિ થશે.યુથફેસ્ટ ૨૦૧૮માં રજીસ્ટ્રેશન માટે http:\\bit.ly/regyouthfest2018 લીંક પર સંપર્ક કરી વિગત મેળવી ફોર્મ ભરવું. વધુ વિગત માટે સંપર્ક મોબાઈલ નં. 9769502277 / 9579787800/9769991922 પર સંપર્ક કરવો. નારી શક્તિ ૨૦૧૮ માં સહભાગી થવા લીંક https:\\docs.google.com/froms/d/e/1FAIpQLSfCpag5hr46HHZQE3XLCfB5OaGRV_DUXgkv6_Vg4P8r_ywN_g/viewform ઓપન કરી સબમીટ કરશો. સંપર્ક : મનીષભાઈ લોડાયા 9769991922.

## પ્રત્વીક કેટરર્સની પારણાં માટે વિશેષ સેવા

આપણી જ્ઞાતિના શ્રી પ્રતાપભાઇ ધુલ્લા સંચાલિત પ્રખ્યાત ચેતક કેટરર્સની સહયોગી ફર્મ પ્રત્વીક કેટરર્સ દ્વારા પર્યુષણ પારણાં આયોજન સુવ્યવસ્થિત તથા સુંદર રીતે કરી આપવાની પહેલ કરવામાં આવી છે. ૨૫ વ્યક્તિઓ માટે પણ સાત્વિક ભોજન આપના ઘરે પહોંચતુ કરી આપવામાં આવે છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## શ્રી જયંતિલાલ લધુભાઈ મોમાયા (વરાડીયા/બેંગલોર) દ્વારા અનુદાન



બેંગલોર આવતા મુલાકાતીઓને રહેવા માટે બેંગલોર-જયાનગરમાં હાલ નવી બનેલી બિલ્ડીંગમાં, ૨૪ સુસજ્ઞ રૂમો છે. એના વાતાનુકુલ ભોજન કક્ષ માટે મોમાયા પરિવારે શ્રીમતિ ગુણવંતીબેન જયંતિલાલ મોમાયાના નામે અનુદાન કરેલ છે. આનું ઉદ્‌ઘાટન ૨૦૧૮માં અંતમાં થવાની વકી છે.

## વ્યક્તિ વિશેષ : નાની વયે ધાર્મિતામાં અવ્વલ ચિ. ચૈતન્ય, મિનલ નીખિલ વિકમશી (ઉ. ૧૦)



કોઈમ્બતૂરમાં ૬ઠી શ્રેણીમાં અભ્યાસ કરે છે. તેમણે હાલ જૈન ધર્મની પરિક્ષા 'સંસ્કાર વટિકા' સંપૂર્ણ ભારતમાંથી ૩ જા ક્રમાંકે પાસ કરી. આ સિધ્ધી માટે ચેન્નઈમાં તેમનું સન્માન થયું.

### 'જિનાજ્ઞા' પરીક્ષા

જિનાજ્ઞા દ્વારા લેવાયેલ Open Book Exam માં જે પાંચ વિજેતાઓ ઉત્તીર્ણ થયા છે તેમનો નામો લક્ષ્મીચંદ ચાંપસી દંડ (અમદાવાદ) દ્વારા જાહેર થયા છે :

૧) ભારતી ભરત લોડાયા, જલગામ, ૯૪
૨) નિમિષા બી. શાહ, અમદાવાદ, ૯૩
૩) સુશીલાબેન નીરંજન મૈશેરી, અમદાવાદ, ૯૨
૪) તારાબેન ચંપકલાલ શાહ, કોઈમ્બતુર, ૯૨
૫) મીતા ખુશાલ લાલકા, કલકત્તા, ૯૨


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


## વિકસતો બેડમીન્ટન સિતારો ચિ. વૃશાંક લોડાયા (ગદગ)



વૃશાંક લોડાયા, ગદગમાં C.D.O. Jain English Medium શાળામાં ૯મી શ્રેણીમાં અભ્યાસ કરે છે. કર્ણાટક સરકારની જીલ્લા સ્તરે લેવાયેલી કોમ્પીટીશનમાં તેઓ બે વાર વિજેતા થયા છે. બેડમિન્ટન એસોશિએશન ઓફ ઈંડીયાની હરીફાઈમાં તેમણે ભાગ લીધો છે અને (Under-15) વર્ગમાં પસંદ થયા છે. જે કોમ્પીટીશન આવતા મહિને થશે. પ્ર. સ. ની શુભેચ્છા.

## માનવસેવા - પરમસેવા : ગદગમાં ''જીવન સંધ્યા'' સંસ્થાને રૂા. ૨,૫૦,૦૦૦/- નુ અનુદાન







શ્રીમતિ ભદ્રાબેન કાંતીલાલ મોમાયા (સાંયરા)ની ઈચ્છાનુસાર તેમની બહેને આપણી જ્ઞાતિના ગદગ સ્થિત - વરિષ્ઠ નાગરિક નિવાસ ''જીવન સંધ્યા'' સંસ્થાને રૂા. ૨,૫૦,૦૦૦/- નું દાન કર્યું છે. બહુ નાની વયમાં તેમણે પતિ ગુમાવ્યા હતા. તેમની હાર્દિક ઈચ્છા હતી કે જીવનમાં પાછલી અવસ્થામાં જેમની સાર-સંભાળ રાખનાર ન હોય તેવા વૃધ્ધજનોને મદદ કરવી. છેલ્લા પચીસેક વર્ષથી ''જીવન સંધ્યા'' આ ક્ષેત્રમાં ઉમદા કામ કરી રહી છે. ભદ્રાબેનના સ્વપ્નાનુસાર આ અનુદાન થયું. જીવનસંધ્યા - ગદગના ટ્રસ્ટીઓ તેમની આ ઉમદા ભાવના માટે ખૂબજ આભાર માને છે. સંસ્થાની બિલ્ડીંગમાં એક બ્લોકને તેમનું નામકરણ કર્યું છે. બિલ્ડીંગના સમાર-કામ તથા સુશોભનમાં આ અનુદાનથી રાહત થશે, તથા ''શ્રીમતિ એમ. કે. મૈશેરી ટ્રસ્ટ''ને સવલતો વધારવામાં મદદરૂપ થશે.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.
સોમવાર બંધ

**વ્યક્તિ-વિશેષ :**



## MODEL UNITED NATIONS (MUN) માં જ્ઞાતિનો વિદ્યાર્થી સિતારો શ્રી દર્શન મોમાયા (કોઈમ્બતૂર)

કોઈમ્બતૂરનાં ૧૨મી શ્રેણીમાં અભ્યાસ કરતા દર્શન મોમાયાએ મુંબઈમાં ૧૦ થી ૧૩ ઑગસ્ટ ૨૦૧૮ ના થયેલ (MUN) સંમેલનમાં ભાગ લીધો. આ ચર્ચા સત્રની સભાભાં તે (SOCHUM) ની કમિટીમાં પણ હતો, અને તેણે બેલ્જીયમનું પ્રતિનીધિત્વ કર્યું. (Social, Cultural & Humanitarian) સામાજીક, સાંસ્કૃતિક તથા માનવતાએ ચર્ચાનો વિષય હતો.

વૈશ્વિક બાબતોમાં વિચારણા અને તેના સંતોષકાર ઉપાય માટેના ચર્ચા સત્રમાં સંમેલિત થવા આપણા યુવાનો માટે આ સોનેરી તક છે. આમાં ઘણા મહાનુભવો સામેલ હતા તેમણે પોતાના જીવનના અનુભવો વર્ણવ્યા, જે ખૂબજ પ્રેરણા દાયક હતા. આશા છે કે આપણા યુવાનો તેમાં ભાગ લે અને વિચાર-વિમર્શ શક્તિમાં વધારો કરે.

દિપા ભાવિક મોમાયા (85259 53355) ના સુપુત્ર શ્રી દર્શન યુવાભારતી સ્કૂલ (કોલ્હાપૂર)માં અભ્યાસ કરે છે.

**વ્યક્તિ-વિશેષ :**



## આશાસ્પદમ એન્જીનીયર ચિ. નમન, નીપા લીતિન લોડાયા - કોઈમ્બતૂર

તામિલનાડૂમાં બધા ગુજરાતીઓ ચિ. નમન ૧૨મી શ્રેણીની પરીક્ષામા પ્રથમ ક્રમાંકે ઉર્તિણ થયો. ચેન્નઈમાં તામિલનાડૂ સમાજ દ્વારા તેમનું સન્માન થયું. હાલમાં કેમીકલ એન્જીનરીંગ લાઈનમાં BITS, પીલાની - કે. કે. બીરલા-ગોવા કેમ્પસમાં અભ્યાસ કરે છે. તેમના પિતાશ્રી લીતીનભાઈ કોઈમ્બતૂર ક.દ.ઓ. જૈન મહાજનના સેક્રેટરી છે.

## ભૂમિરાજ ગ્રુપના શ્રી ભૂપેન્દ્ર એમ. શાહને એવૉર્ડ



ભૂમિરાજ ગ્રુપના ચેરમેન અને એમ. ડી. શ્રી ભુપેન્દ્ર એમ. શાહ ને ''નવી મુંબઈ આવાઝ'' ૨૦૧૮ ના વર્ષ માટે ''સીટી આયકોન બીઝનેસ કોમ્યુનીટી લીડરશીપ'' એવૉર્ડ વાશી ખાતે સમારંભમાં એનાયત થયો.



## ક.દ.ઓ. જ્ઞાતિ રત્ન ડૉ. કેતન કલ્યાણજી (શાહ) પોલડીયા (ડુમરા/અમદાવાદ)

છેલ્લા બે દશકાથી આપણી જ્ઞાતિ વેપારી-કોમમાંથી સર્વિસ-કોમમાં ઝડપથી બદલાઈ ગઈ છે. ઘણા શૈક્ષણિક કારકિર્દીમાં ગયા છે અને નિષ્ણાત થયા છે.

આમાંની એક વિવિધરૂપી પ્રતિભા ૪૧ વર્ષના યુવક પ્રોફેસર **ડૉ. કેતન** (M.A. Economics) માં સ્નાતક અને ગોલ્ડ મેડલીસ્ટ છે. એમણે (UGCNET) માંથી ડૉક્ટરેટ (Ph.D.) કર્યું છે. અમદાવાદની જાણીતી કોમર્સ કોલેજમાં આસીન્ટન્ટ પ્રોફેસર તરિકે કામ કરે છે. અને છેલ્લા ૧૮ વર્ષથી B.Com/C.A./CS/CFA/CFP & CMAના વર્ગોમાં વિદ્યાર્થીઓને ભણાવે છે.

ગુજરાત પબ્લીક સર્વીસ કમીશન (GPSC)ની ક્લાસ-વન ઓફીસર Exam. જે 2018 ઓક્ટોબરમાં થવાની છે. તેના ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓને હાલમાં શીખવે છે. પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરના જર્નલમાં તેમણે ૧૬ સંશોધન પેપર લખ્યા છે અને વિવિધ સમાચાર પત્રોમાં તેમના ૮૦ થી વધુ રી-સર્ચ પત્રો પ્રકાશીત થયા છે. અનેક સંસ્થાઓમાં તેઓ ઈકોનોમીક્સ અને પોલીટીક્સના સમકાલિન વિષયોપર વિશિષ્ટ નિષ્ણાત તરીકે લેક્ચરો આપે છે. પ્રકાશ સમીક્ષાની શુભેચ્છા અને આશા રાખીએ કે ક.દ.ઓ.ના ઈકોનોમીક વિકાસ માટે પણ Exper Advice આપશે.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976



''જૈન ઢોલી'' ''રાજુ ઢોલી'' ''કચ્છી ઢોલી''
સર્વે ભાઈ બહેનાને પંજોષણનાં
રાજુ ઢોલીના મિચ્છામિ દુક્કડમ્


રાજુ ઢોલી - 9833004496 / 9892581010
ક.દ.ઓ. જ્ઞાતિનાં જૈન ઢોલી રાજેન્દ્ર
આપને ત્યા શુભ પ્રસંગે ઢોલ શરણાઈ માટે યાદ
કરજો જરૂર રાજુ ઢોલીને ધન્યવાદ !

### શ્રી હરીશ ધરમશી

(નવી મુંબઈ / કેનેડા) લખે છે :



● જન્મ – મૃત્યુ ના મુદ્દે આપણી જ્ઞાતિનું કરાયેલ વિશ્લેષણ ઘણું વાસ્તવિક છે. બીજી વાત કે ૫૦ થી ૬૫ વય જુથના મૃત્યુ (એ કદાચ વધતા સ્ટેસથી થતા). હવે થોડા વર્ષમાં આના લીધે આધેડ લોકોની ટકાવારી અચાનક ઓછી થઈ જશે. બાકી રહી જશે યુવાનો, જે તેમની કારકિર્દીમાં વ્યસ્ત હશે અને ઉમરવાળા જે કદાચ સામાજીક સંસ્થાઓમાં કાર્યરત નહિ હોય.

● આંતર જ્ઞાતિ લગ્ન પ્રચલિત થઈ જશે. આનું મુખ્ય કારણ ક.દ.ઓ. યુવતીઓમાં ઊંચી અપેક્ષાઓ અને જીવનસાથીની પસંદગી ઉપર માતાઓની વિચાર શૈલી. B અને C શ્રેણીના શહેરોમાં રહેતા ઘણા લાયક યુવકોને હું જાણુ છું. જ્યાં કોઈ ક.દ.ઓ. યુવતિઓ જવા તૈયાર ન હતી, તેમને આંતર જ્ઞાતિ લગ્ન કરવા દબાણ થતુ હતું.

● ક.દ.ઓ. સિવાયનાઓને પણ આપણી નાતે કોઈ ખાસ વાંધા વિના સ્વીકાર્યા છે. નવાંગતૂકોએ પણ આપણી સંસ્કૃતિ-રહેણીકરણી સારી રીતે અપનાવી છે. તેઓ યુવાનીમાં આપણી નાતમાં બહારથી જોડાયા હતા.

● આજકાલની જીવનશૈલીમાં પતિ-પત્નિ બન્ને કામ કરે એ સ્વાભાવિક થઈ ગયું છે. આમ તેમને આર્થિક પ્રલોભન આપવા છતા તેઓ બીજા સંતાન માટે જશે નહિ. કારણ કે એક માટે પણ તેમને પૂરતો સમય નથી.

● ક.દ.ઓ. સિવાયના યુવકોને આપણી નાતમાં લેવા એ ફક્ત મન મનાવવા જેવું કે આંખઆડા કાન કરવા જેવું છે.

● હજી પણ આપણે છૂટા છેડા થયા હોય તેવી ક.દ.ઓ યુવતિઓને જ્ઞાતિમાં પાછા સ્વીકારીએ છીએ.

● નિયમિત સમયાંતરે (Youth Exchange) (યુવામેળો)ની યોજના કરવી જોઈએ અને લાયક દેશાવરમાંથી લાયક છોકરીઓની માતાઓને પણ હળવા મળવાની યોજના કરવી જોઈએ.

● નોર્થ U.S.A. માં ક.દ.ઓ. અને ક.વિ.ઓ. સાથે મળીને બધા સામાજિક કાર્યો કરે છે, તેવીજ રીતે કચ્છી ઓશવાળો વચ્ચે પણ રોટી-બેટીના વ્યવહાર માટે પ્રયાસ કરવો જોઈએ. તેઓમાં ઘણાજ સમાન સંસ્કૃતિ તથા ધાર્મિક રિવાજો છે. આથી બહોળી પસંદગી મળી શકે. આ વિચાર ધારા આગળ ધપાવવા ક.દ.ઓ. અને ક.વિ.ઓ. ખાસ વિભાગ રચે જે ખાસ મદદરૂપ થાય.

**વ્યક્તિ-વિશેષ :**

### બેન્કર – જેના પર સમાજ વિશ્વાસ રાખે છે, શ્રી કિરણ લાલજી પટેલ (મહેશ્વરી)

મોટી સિંઘોડી/મુંબઈ



CEO એટલે ઉચ્ચતમ – પ્રતિનિધી જેની જવાબદારી સર્વાગ્રાહી વ્યવસ્થા માટે મુખ્ય નિર્ણયો લેવાની છે, તે ડાયરેક્ટર બોર્ડ અને સર્વાગ્રાહી વ્યવસ્થા વચ્ચેની કડી છે. મોટી સિંઘોડીના શ્રી કિરણભાઈ (B.Com., C.A., IIB.) આપણી અરિહંત બેંકના CEO છે. તેઓ મુંબઈ વિદ્યાપીઠના સ્નાતક છે. વિદ્યાર્થી કાળમાં તેમણે ઈમ્પોર્ટ એક્ષપોર્ટની પેઢીમાં કામ કર્યું હતું. બેંક ઓફ બરોડામાં તેઓ ક્લાર્ક તરિકે જોડાયા હતા અને Asst. G.M. થઈ રીટાયર્ડ થયા. છેલ્લે તેઓ કોલ્હાપૂરમાં એરિયા મેનેજર થયા હતા. ગુજરાત-મહારાષ્ટ્ર-રાજસ્થાન રાજ્યોમાં એમણે અનેક રીતે સુંદર કામ કર્યું. 1917 થી તેઓ અરિહંત બેંકમાં ફરજ બજાવે છે. બોર્ડના સહકારથી બેંકને ઉચ્ચતર સ્તરે લઈ જવાની તેમની આકાંક્ષા છે. પ્રકાશ સમીક્ષાની શુભેચ્છાઓ.

**વ્યક્તિ-વિશેષ :**

### શૈક્ષણિક વૈવિધ્યમાં બહુમુખી મહિલા – પ્રતિભા શ્રીમતિ સીમા નરેશ ખોના (હુબલી)



મહિલા એન્જીનીયર આપણી જ્ઞાતિમાં ઓછા છે. શ્રીમતિ સીમા, લીલા દામજી મોતાની દિકરી છે. એમણે હુબલી થી B.E. (Electronic & Communication) કર્યું છે. શરૂઆતમાં થોડા વર્ષો તેમણે બેંગલોરમાં કામ કર્યું પછી હુબલી પાછા આવી કૉલેજમાં લેક્ચરર તરિકે જોડાયા. ૧૦ વર્ષથી તેઓ કૉલેજ/સ્કુલના વિદ્યાર્થીઓના કોચિંગ ક્લાસમાં ભણાવે છે. વિદ્યાર્થીઓમાં ખૂબ માનિતા છે. એક વર્ગમાં ૭૫ થી વધુ વિદ્યાર્થી લેતા નથી. મેથ્સ – ફિઝીક્સ – કેમીસ્ટ્રી – બાયોલોજી શિખવે છે અને ઓછી આવકવાળા વાલીઓના વિદ્યાર્થી પાસે ફી લેતા નથી.

એમના મતે આત્મનિર્ભર હોવાના ઘણા લાભો છે. કહે છે હું, સારી રીતે મારા પરિવારની સાર-સંભાળ લઈ શકું છું. બાળપણથી જ મને રોજીંદા કામ જાતે કરવા અને મોટાઓની સંભાળ રાખવા શિખવ્યું છે. મને હોમ એન્જીનરીંગ અને કોચિંગ એન્જીનરીંગ વચ્ચે સંતુલન રાખવું સહેલ લાગે છે. તેમના પતિ શ્રી નરેશનો તૈયાર કપડાનો શો રૂમ છે. તેમની દિકરી નીકિતા આર્કિટેક્ટ છે ને હાલ બેંગલોરમાં કામ કરે છે.

## વ્યક્તિ વિશેષ : તપ-મૂર્તિ પરમ તપસ્વી શ્રી ખુશાલભાઈ લખમશી પોલડીયા (ડુમરા-બોરીવલી)



● **2017** : તેમણે ૧૮૧ ઉપવાસ કર્યા અને આગલા દિવસે (180) શેત્રુંજયનો ડુંગર ચઢ્યા. ● આ વર્ષે તેઓ કારતક સુદ પૂનમ થી ૧૨૩ ઉપવાસ કરશે. ● તેમણે અત્યાર લગી દશ માસખમણ કર્યા છે. ૩ જુદા જુદા પ્રસંગે 50, 51, 68 ચોવિહાર (નિર્જલ) ઉપવાસ કર્યા છે. ● તેમણે સળંગ ૧૨ વર્ષીતપ કર્યા છે. જેમાં અમૂક તો તેમના સહધર્મચારિણી સાથે. ● ઘણી વખત અનેક તપસ્વીઓ સાથે ચોવિહાર છ'રીપાલક યાત્રા કરી છે. ● ચોવિહાર અઠ્ઠાઈ સાથે શિખરજીની યાત્રા કરી છે. ● છેલ્લા ૪૦ વર્ષથી * કેરીનો ત્યાગ, * મોબાઈલ ફોનનો ઉપયોગ નહિ, * બેંકમાં ખાતું પણ નહિ. ● છેલ્લા ૪૦ વર્ષથી કોઈ એક યા બીજી તપસ્યા કરી છે. ● આહારમાં સવારે મગ અને મગનું પાણી, ખીચડીને બાજરાના રોટલા - સુર્યાસ્ત પહેલા.

**આ પવિત્ર આત્માને પ્રકાશ સમીક્ષાના નમન.**


શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ।।

**શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર**

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫.
ફોન નં. ૦૯૯૬૯૧ ૮૪૩૭૭

**નવરાત્રિ મહાકાલી પૂજન ઉત્સવ આમંત્રણ**

અચલગચ્છના દેવીશ્રી મહાકાલી દેવીના ૨૩માં વરસ મહાપૂજન-પહેડી-ભક્તિ ઉત્સવ ૨૦૭૪ આસો સુદ ૬ **રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૮** ઘાટકોપર સભાગૃહ - રાષ્ટ્રીય શાળા સવારે ૮.૦૦ થી ૨.૦૦. જેનો લાભ માતુશ્રી મીઠીબાઇ મણીલાલ ખોના અને માતુશ્રી ધનબાઇ લાલજી ધરમશી હસ્તે અ.સૌ. હેમલતા અશ્વિન ખોના પરિવાર આપ સૌ ભાવિકો દરવરસની જેમ પધારવા પૂજન-દર્શન-વંદન ભક્તિ સંગીત સાથે પ્રસાદ, સાધર્મિક ભક્તિનો લાભ આપવા ૨૩ વરસના દાતા. મંદિર ટ્રસ્ટ થી રૂબરૂ જેમ આમંત્રણ સ્વાકારી લાભ આપશો. ભક્તિ સંગીત શ્રી કિશોર મનરાજા શ્રી મુકેશ મૈશેરી શ્રી હંસકુમાર મૈશેરી કલાકારો રહેશે.

**નવરાત્રિ રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૮ ઘાટકોપર પધારશો.**

**યતિ મોતીસાગરજીશ્રીજી મહારાજના આશીર્વાદ**

**મિચ્છામિ દુક્કડમ્.**


## CA અંકિત રોહિત મોમાયા



શ્રી અંકિત મોમાયાનું CA થયા બદલ સંસ્થા દ્વારા ચેન્નાઈમાં યોજેલ સમારંભમાં તેમનું સન્માન થયું. કોચીન મહાજન તેમની વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્તી બદલ ગૌરવ અનુભવે છે.

## તેલંગણના K.D.O. જ્ઞાતિનું વસ્તિપત્રક

શ્રી લહેરચંદભાઈ લોડાયા - હૈદ્રાબાદના અહેવાલ મુજબ હૈદ્રાબાદ, નિઝામાબાદ, કરીમનગર આજુબાજુ લગભગ ૨૦૦ પરિવારોનું વસ્તિપત્રક દિવાળી સુધીમાં બનાવવા તડામાર તૈયારી થઈ રહી છે. બધી વિગતો ભેગી કરાઈ છે તથા અંતિમ સુધારા થઈ ગયા છે.

આ યાદગાર કૃતિના મુદ્રણ માટે ઘણા પરિવારોએ અનુદાન આપ્યું છે. શ્રી લહેરચંદભાઈએ આ મહત્વના કામની પરિપૂર્ણતામાટે જવાબદારી લીધી છે.

## સમસ્ત મહાજનની ચેન્નઈમાં મીટીંગ

સમસ્ત મહાજનની ૪થા જ્ઞાતિ સંમેલન માટે જાગરૂકતા તથા પ્રોત્સાહન માટે ચેન્નઈમાં તા. ૧૯-૮-૧૮ના શ્રીમતિ સરલાબેન અને જ્યોતિન્દ્રભાઈ લાપસિયાના નિવાસસ્થાને મીટીંગ થઈ. સમસ્ત મહાજનના ઉત્સાહી સભ્ય શ્રી રાજેશ મોમાયાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા છેલ્લા ૧૦૦ દિવસની પ્રવૃતિની માહિતી આપી. એમણે ડિસેમ્બરમાં થનાર ૪થા ઐતિહાસિક જ્ઞાતિ સંમેલનની વિગતો તથા વ્યવસ્થા વિષે જાણકારી આપી તથા ઉપસ્થિતોના પ્રશ્નોનું સમાધાન કર્યું. નેવિલ મોતા દ્વારા આભારવિધી બાદ મીટીંગ પૂરી થઈ.

## ક.દ.ઓ. જૈન મહાસંઘ - કોઈમ્બતૂર

કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન તથા કોઈમ્બતૂર મહાસંઘ દ્વારા સંયુક્ત પણે તા. ૮-૭-૧૮ના મેડીમલ કેમ્પ યોજાયો હતો. આમા ૬૫૦ લોકોએ લાભ લીધો. છેલ્લા ચાર વર્ષથી નહેરૂ સ્કુલમાં, સંયુક્ત રીતે આવા મેડીકલ કેમ્પ થાય છે અને તે માટે સૌ ઉત્સુક હોય છે.

## ક.દ.ઓ. મહાજનો વચ્ચે બહેતર સાથ-સહકાર

આપણો અનુભવ કહે છે સારા સમાચાર કરતા બૂરા સમાચાર જલ્દી ફેલાઈ જાય છે પણ એમાં કોઈ અપવાદ બધે હોય. આપણી જ્ઞાતિ લુપ્ત થઈ રહી છે એ લેખના પ્રતિભાવમાં એક સુઝાવ હતો કે આંતરજ્ઞાતિ લગ્નો માટે યુવામિલન ની યોજના કરવી. આ વિચાર લઈને કોચીન-કોઈમ્બતૂર મહાજને યુવા-મિલન યોજવા વિચાર્યું છે. અને

શક્ય હશે તો સંપૂર્ણ કેરાલા અને તામિલનાડૂ પણ સાથે હશે. કોચિન મહાજન પ્રમુખશ્રી કિશોર કુરૂવા અને શ્રી પ્રદિપ લોડાયા તારિખો નક્કી કરી રહ્યા છે. તેઓના મતે શહેર/સ્ટેટના યુવાનો આથી વધુ નજદીક આવશે. ભાઈચારાની ભાવના તથા સમજ વિકાસ પામશે. તેઓ જ્ઞાતિજનોના આવાસમાં રહેશ જેથી તેમની રહેણી કરણી અને સંસ્કારથી પણ પરિચિત થશે.

ઉપરાંત જ્ઞાતિ મહાજનોની મોટી આર્થિક યોજના કરતા આ ખર્ચ બિલ્કુલ ઓછું થશે. સૌ કુટુંબોના સહકારને લીધે આ યોજના ત્યાંના સમગ્ર સમાજને નજદીક લાવશે. આશા છે કે બીજા મહાજનો પણ આવું પગલું લે. વાસ્તવમાં આપણી જ્ઞાતિ અદ્યતન અને વિકસિત નાત છે. જો આપણે સહકાર કેળવીને વિચારીએ તો બાકીના પડકારો સહેલાઈથી જીતાશે.


**સર્વ જ્ઞાતિજનોને સપ્રેમ**

**મિચ્છામીદુક્કડમ્**

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો) પરિવાર**

**મો.: 99300 08339**





## જન્મદિવસે શંત્રુજય પટ્ટ ભેટ અપાયું



૫ સપ્ટેમ્બરના શ્રી હિરેન નવીનચંદ્ર લાપસીયા (રંગપુર-ભાતબઝાર) ના જન્મદિવસ નિમિતે તીર્થસ્વરૂપ આદિનાથ જિનાલય મધે સુંદર, આકર્ષક અને સુવર્ણ શત્રુંજય પટ માતુશ્રી હિરાવંતીબેન નવીનચંદ્ર લાપસીયા હસ્તે અ. સૌ. પ્રીતિ હિરેન લાપસીયા અને સ્વ. ભાવિન, કુ. અદિતિ અને આયુષી (રંગપુર-ભાતબઝાર) એવમ્ માતુશ્રી જવેરબેન ખુશાલચંદ્ર ગંગર હસ્તે અ. સૌ. ક્રિષ્ના ભાવેશ ગંગર, ચી. અક્ષ (નવાવાસ-મુલુન્ડ) તરફથી શ્રી ભાતબઝાર ચીંચબંદર જૈન સંઘને અર્પણ કરવામાં આવ્યો.

### ભુલ સુધાર :

ગતાંક અકમાં છપાયેલ પાના નં. ૧૦ ઉપર **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ** અને **બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ**ની જાહેરાતમાં સભાનો સમય બપોરે ૪.૦૦ થી ૫.૩૦ કલાકે વાંચવું.

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૯-૦૯-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૨૯-૦૯-૨૦૧૮ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૩૦-૦૯-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિજય મોતીલાલ લોડાયા** (PS 912) | એ-૧૦૦૫, નીલકંઠ રીજેન્ટ (રીગલીયા), ટી વિલા કેફેની ઊપર, આર.એન. નારકર માર્ગ, પંત નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫. મો.: ૦૯૮૨૧૦ ૨૮૩૫૫ |
| **હુકમચંદ લક્ષ્મીચંદ છેડા** (PS 1061) | એ-૧૬૦૨, છેડા હાઈટ્સ કો.હા.સો., સાંગ્રિલા બિસ્કીટ ફેક્ટરી પાસે, ૪૧, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦ ૦૭૮. મો.: ૦૯૮૨૧૧ ૩૯૪૭૦ |
| **કિશોર પુનશી ખોના** (PS 7025) | ૧૬૦૭/૦૮, સેન્ચૂરા સેનરૂફ્સ, ગોરેગાવ મુલુંડ લીંક રોડ, નાહુર, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો.: ૦૯૯૩૦૧ ૭૧૧૨૩ |
| **લહેરચંદ કુંવરજી છેડા** (PS 1023) | C/o. ભદ્રીસા શાહ, રૂમ નં. ૭, સુખ સદન, ગ્રાઉન્ડ ફ્લોર, કામા લેન, ઘાટકોપર (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૬. મો: ૦૯૯૩૦૩ ૪૨૯૪૩, ૦૯૨૨૧૭ ૭૩૫૫૧ |
| **મહેન્દ્ર મદન મૈશેરી** (PS 7360) | એ-૧૨, રાધા ગોવિંદ, બીજે માળે, પાંડુરંગ વાડી, સર્વોદય ગાર્ડન બિલ્ડીંગ પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૦૯૩૨૩૭ ૬૭૪૨૩ |
| **રમેશ જેઠાભાઈ મોમાયા** (PS 7361) | ૪૦૧, સાઈ કૃપા ટાવર, ૪થે માળે, ડીએનસી સ્કૂલની પાછળ, સુનીલ નગર, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૦૯૯૨૦૩ ૦૫૮૮૬ |
| **વિરેન ગોવિંદજી નાગડા** (PS 3855) | બી/૧૧૯, જ્ઞાન પ્રસાદ કો.હા.સો., ૧લે માળે, ઠાકુરવાડી રિક્ષા સ્ટેન્ડ-૨ પાસે, દીનદયાલ ક્રોસ રોડ, ડોમ્બીવલી (વે.)-૪૨૧ ૨૦૨. મો. ધર્મિલ: ૦૯૬૧૯૦ ૯૧૨૭૨ |
| **લેનિન કુમારપાળ અજાણી (લોડાયા)** (PS 5945) | નં. ૩૯/૪૨, અરણી મુથુ સ્ટ્રીટ, બીજે માળે, ચૂલાઈ, ચેન્નાઈ - ૬૦૦ ૧૧૨. ફોન : ૦૪૪-૨૩૪૫ ૬૫૦૨ |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૮-૧૮ | ભાંડુપ | યુવાન, ખુશ્બૂ સચિન મહેન્દ્ર લોડાયા | કોઠારા | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૯-૧૮ | કાંકોલી | ધર્મેશ માણેકજી ધનજી દંડ | લાલા | ૩૧ |
| | મુલુંડ | એકતા રાજેન્દ્ર આનંદજી ધરમશી | સુથરી | ૩૦ |

**આંતરજ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૯-૧૮ | ઘાટકોપર | નેમીશ શૈલેશ રતનશી શાહ (મૈશેરી) | નલિયા | ૨૬ |
| | વિદ્યાવિહાર | બંન્શી ભદ્રેશ મનહરભાઈ શાહ | ગોધરા | ૨૬ |
| ૨૧-૦૯-૧૮ | ઘાટકોપર | અંકુર લહેરચંદ દેવશી વિકમશી | જખૌ | ૩૭ |
| | ઘાટકોપર | કિંજલ નિતીન ધીરજલાલ રાઠોડ | બીલખા | ૩૬ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૯-૧૮ | સાંગલી | નિતીન રતીલાલ નરશી છેડા | સુથરી | ૪૨ |
| ૦૬-૦૯-૧૮ | ભાંડુપ | પ્રમોદ કાનજી મૈશેરી | મોટી સિંધોડી | ૬૫ |
| ૦૭-૦૯-૧૮ | બીજાપુર/બેંગલોર | લક્ષ્મીચંદ વિશનજી ધરમશી | કોઠારા | ૮૫ |
| ૦૭-૦૯-૧૮ | પવઈ | વૈભવ સોમચંદ વિશનજી ધરમશી | મંજલ | ૪૬ |
| ૦૭-૦૯-૧૮ | સાંયરા | કાન્તાબેન શામજી મોમાયા | સાંયરા | ૬૫ |
| ૧૦-૦૯-૧૮ | મુલુંડ | કલ્પના રાજેન્દ્ર મોમાયા | સાંયરા | ૫૧ |
| - | ઈન્દોર | કાંતાબેન જીવરાજ મોતા | - | - |
| ૧૩-૦૯-૧૮ | મુલુંડ | પ્રેમિલાબેન જયંતિલાલ મૈશેરી | જખૌ | ૬૩ |
| ૧૬-૦૯-૧૮ | મુલુંડ | નારણજી શામજી મૈશેરી | નાની સિંધોડી | ૯૪ |
| ૨૦-૦૯-૧૮ | અમરાવતી | રમેશભાઈ માણેકજી દંડ | લાલા | ૫૪ |
| ૨૧-૦૯-૧૮ | મુલુંડ | જયવંતી ખીમજી કરમશી લોડાયા | મોટી ખાવડી | ૭૯ |

# પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જન્મ
તા. ૧૪/૨/૧૯૫૬

અરિહંત શરણ
તા. ૧૭/૯/૨૦૧૭

## શા. દિપકભાઈ દામજી શામજી પોલડીયા

**(ગોએરસમા) ભુસાવલ (ફૈજપુરવાલા)**

જીવન નાં દરેક ડગલે, કુંટુંબના દરેક પગલે, તમે પરિવારનાં સદા પથદર્શક રહ્યા. જ્ઞાતિના સાથે સામાજિક કાર્યમા અગ્રેસર રહ્યા. વર્ષ વિત્યું તમારી વિદાય ને, પણ તમારા સ્નેહ સંસ્કારો હરપળ યાદ આવે છે. તમારી ઉપસ્થિતી નથી એ મન માનતુજ નથી. તમારી ખોટ કયારેય પુરવાની નથી. તમારો લાગણીસ્વભર મિલનસાર સ્વભાવ પળે પળે યાદ આવે છે. અમો અંતરમનથી ભાવભિની શ્રદ્ધાંજલી આપીએ છીએ.

**પરમકૃપાળૂ પરમાત્મા આપના આત્માને ચિરશાંતી સાથે ઉચ્ચગતી આપે એજ પ્રાર્થના.**

**શોકાતુર**

| | | | |
|---|---|---|---|
| માતા–પિતા | : | સ્વ. લક્ષ્મીબાઇ દામજી શામજી પોલડીયા | ફૈજપૂર |
| ધર્મપત્ની | : | શ્રીમતી વિજયાબાઇ દિપક પોલડીયા | ભુસાવલ |
| પુત્ર–પુત્રવધુ | : | સૌ. રૂપલ નિરવ દિપક પોલડીયા | ભુસાવલ |
| પુત્ર–પુત્રવધુ | : | સૌ. કિરણ અમિસ દિપક પોલડીયા | ભુસાવલ |
| ભાઇ–ભાભી | : | સૌ. નિર્મલાબેન કાંતિલાલ પોલડીયા | ભુસાવલ |
| ભાઇ–વહુ | : | સૌ. ઇલાબેન રાજેશ પોલડીયા | નાશિક |
| પૌત્ર | : | દર્શિત, ધૈર્ય, જયમ, નમન, યુવમ | ભુસાવલ |
| કાકા–કાકી | : | સૌ. ચંદનબેન મણિલાલ પોલડીયા | ઈગતપુરી |
| ભાઇ–ભાભી | : | સૌ. મધુબેન લહેરચંદ ઓસવાલ | ચેંબુર |
| ભાઇ–ભાભી | : | સૌ. સાધનાબેન અશોક પોલડીયા | જલગામ |
| બેન–બનેવી | : | સૌ. લતાબેન રમેશભાઇ નાગડા | મુલુંડ |
| સાસુ–સસરા | : | સ્વ. સરલાબાઇ રતિલાલ લોડાયા | કોઇમ્બતુર |
| | | સૌ. દિનાબેન પ્રદિપ લોડાયા | કોઇમ્બતુર |
| ભત્રીજીવહુ–ભત્રીજો | : | સૌ. વિરલબેન ઉર્મિલ પોલડીયા | ભુસાવલ |
| ભત્રીજી–જમાઇ | : | સૌ. વિધ્યાબેન દીનેંન્દ્ર મૈશેરી | શેગાંવ |
| ભત્રીજીવહુ–ભત્રીજો | : | સૌ. નુપુરબેન ઈશાંક પોલડીયા | નાશિક |
| વેવાણશ્રી–વેવાઇસા | : | સૌ. પ્રિતીબેન હિરેન નાગડા | જલગામ |
| વેવાણશ્રી–વેવાઇસા | : | સૌ. મોહિનીબેન પ્રવિણચંદ્ર લોડાયા | જલગામ |
| વેવાણશ્રી–વેવાઇસા | : | સૌ. ભારતીબેન જિતેંદ્ર મેપાણી | વાપી |
| વેવાણશ્રી–વેવાઇસા | : | સૌ. મિનાક્ષીબેન મણિલાલ દંડ | ઇંદૌર |

**પોલડીયા પરિવાર**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# HEARTY CONGRATULATIONS !



Mohit Jayesh Patel (Mota)

## Mohit Jayesh Patel (Mota)

Son of **Heena & Jayesh Tilak Patel (Mota)**

Grand s/o **Smt Vimla & Late Shri Tilak Chatrabhuj Patel** (Tera, Kutch - Abhdasa),

**Late Smt Laxmibai & Late Shri Laxmichand Shamji Dharamshi** (Kothara, Kutch)

Brother of **Dhwani Jayesh Patel (Mota)**

Nephew of **Sejal Ashit Mody** (Canada)

Nephew of **Hemal Raman Bajoria** (Mumbai)

| | |
|---|---|
| Date of Birth | : December 25, 1991 |
| College | : Jai Hind College, Churchgate, Mumbai |
| Graduation | : BE (IT), Thadomal Shahani Engineering College, Bandra, Mumbai |
| Post Graduation | : Master of Science in Information Management - University of Washington, Seattle, USA |

Currently working in Seattle, USA as Data Analyst

Email : **hemalphoto120@gmail.com**

Contact : **98200 34198 / 70217 32191**

## અઠ્ઠાઈ તપની અનુમોદના

ધન્ય તમારી તપશ્ચર્યા, અઠ્ઠાઈ તપની આરાધના કરી

**અનુમોદના સ્વીકારો અમારી....**



**ચિ. દિપક પ્રફુલચંદ્ર શાહ (લોડાયા)**

મોટી ખાવડી, હાલ : દાર-એ-સલામ
ટાંઝાનીયા, આફ્રિકા

પ્રારંભ : તા. ૬-૯-૨૦૧૮
સમાપન : તા. ૧૩-૯-૨૦૧૮

| | |
|---|---|
| દાદાણા | : શ્રી લધુભાઈ જીવરાજ લોડાયા પરિવાર |
| માતાપિતા | : શ્રીમતી તારાબેન પ્રફુલચંદ્ર જીવરાજ લોડાયા (દાર-એ-સલામ) |
| ભાઈ | : ચિ. ચેતન પ્રફુલચંદ્ર શાહ<br>ચિ. સંદિપ ધીરજલાલ શાહ (લોડાયા) (લંડન) |
| ભાઈ-ભાભી | : સૌ. હેમલ ચેતન પ્રફુલચંદ્ર શાહ<br>સૌ. એકતા ભારત પ્રફુલચંદ્ર શાહ (આસ્ટ્રેલિયા) |
| ભત્રિજા/ભત્રીજી | : કુ. ભક્તિ - ચિ. જીનલ ચેતન શાહ |
| કાકા-કાકી | : સૌ. મીનાક્ષી ધીરજલાલ લધુભાઈ શાહ (લંડન) |
| ફોઈ-ફૂવા | : સૌ. ધનલક્ષ્મી રમેશ દંડ (ઘાટકોપર) |
| નાનાણા | : શ્રી રતિલાલ જાદવજી નાગડા પરિવાર, મુલુંડ (નલીયા) |
| મામા-મામી | : સૌ. આશા પ્રફુલ નાગડા • સૌ. હિના કમલેશ નાગડા |

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,